न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
આ સંસારમાં જ્ઞાન જેવું પવિત્ર કરનારું નિઃસંદેહ બીજું કશું જ નથી.

માધ્યમિક

# શિક્ષણ અને પરીક્ષણ

શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતું સામયિક

Printed and Posted on 28th of Each Month

Year : 15• Issue : 04 • September, 2025 વિક્રમ સંવત ૨૦૮૧ • ભાદરવા વદ




ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

# માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ


## સલાહકાર મંડળ

1. **શ્રી મુકેશ પંડ્યા** (આઈએએસ)
   અધ્યક્ષશ્રી
2. **શ્રી અનિલકુમાર રાદડિયા**
   નાયબ અધ્યક્ષશ્રી
3. **શ્રી ડી. પી. વાઘેલા**
   કન્ટ્રોલર ઓફ એકાઉન્ટ્સ એન્ડ સ્ટોર્સ

## તંત્રી મંડળ

1. **શ્રી બી. એન. રાજગોર**
   સંયુક્ત નિયામક અને માર્ગદર્શક તંત્રી
2. **શ્રી આર. આર. વ્યાસ**
   સચિવ અને તંત્રી
3. **ડો. એન. ડી. પટેલ**
   સંયુક્ત સચિવ અને સહતંત્રી
4. **શ્રી પુલકિત જોશી**
   મદદનીશ સચિવ અને મદદનીશ સહતંત્રી


## સૂચનાઓ

1. વાર્ષિક લવાજમ રૂ. 400/- દરેક શાળાએ રજિસ્ટ્રેશન ફી સાથે મોકલવાનું રહેશે. મેગેઝિનનું વર્ષ જૂન થી મે ગણાય છે.
2. લવાજમ મોકલવાનું સરનામું :
   સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,
   સેક્ટર 10-બી, ગાંધીનગર-382 010
3. વ્યક્તિગત ગ્રાહક માટે લવાજમની રકમ રૂ.200/-(બેંક ડી.ડી.)
4. છૂટક નકલ : રૂ.40/-
5. પ્રકાશનની તારીખ : દર મહિનાની 28મી
6. સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવતા લેખોમાં દર્શાવેલા લેખકોના વિચારો અંગત છે. લેખકોના વિચારો સાથે બોર્ડ સંમત છે તેમ માની લેવું નહીં.

## લેખકોને સૂચનાઓ

1. **પત્રવ્યવહાર તેમજ શૈક્ષણિક લેખો શ્રી પુલકિત જોશી, મદદનીશ સહતંત્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર 10-બી, ગાંધીનગર-382 010ને નામજોગ મોકલવા.**
2. **લેખો મૌલિક, સ્પષ્ટ, સુવાચ્ય, પાનાની એક બાજુએ લખેલા હોવા જોઈએ.**
3. **લેખ સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે કે આપનો લેખ મૌલિક છે તેમજ અન્યત્ર છપાયેલ નથી.**
4. **કોમી લાગણી ઉશ્કેરે તેવા, ભેદભાવ કે ગેરસમજ ફેલાય તેવા, કોઈને ઉતારી પાડતા શબ્દો કે વાક્યરચના લેખમાં સમાવિષ્ટ ન થાય તે જોવા વિનંતી.**
5. **સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખોની જવાબદારી જે તે લેખકની રહેશે.**
6. **આ સામયિકમાં પ્રસિદ્ધ થતાં મૌલિક લેખ માટે લેખકને લેખદીઠ રૂ. 200/- પુરસ્કાર આપવામાં આવશે.**
7. **અસ્વીકૃત લેખ અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી તેમજ લેખ પરત મોકલવામાં આવતો નથી.**
8. **"માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ"ના અંક પ્રાપ્ત ન થવા અંગેની લેખિત ફરિયાદ (ગ્રાહક ક્રમાંક સાથે) જે તે પોસ્ટ ઓફિસમાં કર્યા બાદ પોસ્ટ ઓફિસના સહી-સિક્કાવાળી નકલ અત્રે મોકલવી.**




5મી સપ્ટેમ્બર, 2025 શિક્ષકદિને ટાગોર હૉલ, પાલડી, અમદાવાદ ખાતે યોજાયેલા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહમાં ઉપસ્થિત માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, માનનીય શિક્ષણમંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, માનનીય અગ્રસચિવશ્રી(શિક્ષણ) શ્રી મુકેશકુમાર તથા અન્ય મહાનુભાવો તસવીરમાં દશ્યમાન થાય છે.




5મી સપ્ટેમ્બર, 2025ના રોજ શિક્ષકદિને ટાગોર હૉલ, પાલડી, અમદાવાદ ખાતે યોજાયેલા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહમાં શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન કરતા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા માનનીય શિક્ષણમંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર તસવીરમાં દશ્યમાન થાય છે.




5મી સપ્ટેમ્બર, 2025 શિક્ષકદિને ટાગોર હૉલ, પાલડી, અમદાવાદ ખાતે યોજાયેલા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહમાં રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામેલા પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક ભાઈ-બહેનોની સમૂહ તસવીર.


**સંપર્ક : સંશોધન શાખા**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**ગાંધીનગર - 382 010**
**E-mail : shikshanparikshan.gseb@gmail.com**
બોર્ડની વેબસાઈટનું સરનામું : **www.gseb.org**

# અધ્યક્ષની કલમે...

**સુજ્ઞ સારસ્વત વાચકમિત્રો,**

સૌને નમસ્કાર. ભારતની ત્રણ મહાન વિભૂતિ વિશ્વમાં લોકહૈયે માનવંતુ સ્થાન અને સન્માન પામી છે : સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજી અને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્. ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા, ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ, મહાન ફિલોસોફર, કેળવણીકાર, આજીવન શિક્ષક અને 'ભારતરત્ન' ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ને તેમના જન્મદિન-શિક્ષકદિને વંદન કરીને તેમના જીવન, કવન, શિક્ષણદર્શન અને આદર્શોને અનુસરવાનો દિવસ એટલે પાંચમી સપ્ટેમ્બર.

'न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।' ('જ્ઞાનથી વધુ ચડિયાતું કે પવિત્ર બીજું કાંઈ નથી.') એ એમનો જીવનમંત્ર હતો. શિક્ષણ અને કેળવણી વિષયક તેમના વિચારોની નોંધ આજે પણ લેવાય છે. તેઓએ કહ્યું છે કે : ''શિક્ષણ અને કેળવણીનું કામ ઉત્તમ માનવીનું નિર્માણ કરવાનું છે. સાચી કેળવણી માત્ર જ્ઞાન, માહિતી અને હકીકતોની નહિ પરંતુ વ્યક્તિમાં જીવનમૂલ્યો, જીવનકૌશલ્યો, માનવતા, સંસ્કારઘડતર અને ચારિત્ર્યનું નિર્માણ કરનારી હોવી જોઈએ. બાળકો જિજ્ઞાસુ બની પ્રશ્નો પૂછતાં થાય, સંશોધનવૃત્તિવાળાં થાય, નવી નવી વસ્તુઓ શીખે અને સર્જનશીલ બને તેવું શિક્ષણ બાળકોને મળવું જોઈએ. શિક્ષક સમાજનો ખરો ઘડવૈયો અને રાષ્ટ્રનો આધારસ્તંભ છે. ભારતના ભાવિ નાગરિક એવાં બાળકોમાં સંસ્કારો, ચારિત્ર્ય, દેશભક્તિ રેડવાનું કાર્ય શિક્ષકનું છે.''

પાંચમી સપ્ટેમ્બર-શિક્ષકદિન એ શ્રેષ્ઠ શિક્ષકોને બિરદાવવાનો પવિત્ર દિવસ છે. ટાગોર હૉલ, પાલડી, અમદાવાદ ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ માનનીય શિક્ષણમંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર દ્વારા રાજ્યના આ વર્ષના કુલ 30 શ્રેષ્ઠ આચાર્ય-શિક્ષકોનું શાલ અર્પણ કરી, પ્રમાણપત્ર અને પુરસ્કાર એનાયત કરીને ભાવભીનું સન્માન-અભિવાદન કરવામાં આવ્યું હતું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે – ''જીવનઘડતરમાં માતા-પિતા પછી શિક્ષકનું યોગદાન મહત્ત્વનું છે. એમાં લોહીનો નહિ પણ વાત્સલ્યનો સંબંધ હોય છે. આજનું બાળક આવતી કાલનો નાગરિક છે. વિદ્યાર્થીઓમાં 'સ્વદેશી' અને 'રાષ્ટ્ર પ્રથમ'નો ભાવ કેળવી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર' ભારતના વિઝનને શિક્ષકસમુદાય સાકાર કરે. આજના દિને શ્રેષ્ઠ શિક્ષક સન્માન એ 'રાઈટ જૉબ એટ રાઈટ ટાઈમ' છે.''

આ કાર્યક્રમમાં રાજ્યના પાંચ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય શિક્ષણમંત્રીશ્રીના વરદ્‌હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. તે તમામને અભિનંદન પાઠવું છું. રાજ્યકક્ષાનો શ્રેષ્ઠ શિક્ષકનો પુરસ્કાર મેળવનાર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના તમામ શ્રેષ્ઠ આચાર્યો તથા શિક્ષકોના શૈક્ષણિક, સામાજિક, સર્જનાત્મક તેમજ સંશોધનાત્મક કાર્યોની નોંધ લઈ તેમને બિરદાવું છું. શાળાઓમાં શિક્ષકની એક દિવસની ભૂમિકા ભજવીને 'સ્વયંશિક્ષકદિન'ની ઉજવણીમાં સહભાગી થનાર તમામ બાળકોને ધન્યવાદ પાઠવું છું. શાળાઓ દ્વારા લેવાનાર આગામી પ્રથમ સત્રાંત પરીક્ષાની પદ્ધતિસરની તથા પુરુષાર્થભરી પૂર્વતૈયારી વિદ્યાર્થીઓ કરે તે માટે શિક્ષકો દ્વારા તેઓને માર્ગદર્શન આપવામાં આવે તે માટે અનુરોધ કરવામાં આવે છે.

આગામી સમયમાં આવનાર નવરાત્રિ તથા દિવાળીના તહેવારોની આપ સૌને શુભકામના પાઠવું છું.

**મુકેશ પંડ્યા**

**તા. 20-09-2025** **અધ્યક્ષ**

# તંત્રી સ્થાનેથી...

**સુજ્ઞ સારસ્વત આચાર્યમિત્રો તથા શિક્ષક ભાઈ-બહેનો,**

સૌને સ્નેહભર્યા વંદન. 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'નો સપ્ટેમ્બર, 2025નો આ અંક આપ સૌ સારસ્વત વાચકમિત્રો સમક્ષ પ્રસ્તુત કરતા તંત્રીમંડળ આનંદની લાગણી અનુભવે છે.

ભારતીય સંસ્કૃતિમાં ઋષિમુનિઓ, ગુરુજનો તથા સંતો સાથે શિક્ષકનું સ્થાન હંમેશાં આદરણીય અને સન્માનનીય રહ્યું છે. કોઈપણ સમાજ, રાજ્ય કે રાષ્ટ્ર કેવા છે તેનો મુખ્યત્વે આધાર તેના શિક્ષકો કેવા કર્મનિષ્ઠ, વફાદાર અને શ્રેષ્ઠ છે તેના પર છે. રાષ્ટ્રના ઘડતરની ભૂમિકામાં રહેલા શિક્ષકની જવાબદારી દેશભક્ત સૈનિક જેવી છે. શિક્ષણમાં ગુણવત્તાવૃદ્ધિ અને સુધારણા સાથે 'વૅલ્યુ ઍન્ડ સ્કીલ ડેવલપમેન્ટ'ની કપરી કામગીરી પણ શિક્ષક-અધ્યાપકના શિરે રહેલી છે. તેથી કહેવાયું છે કે - ''સારા શિક્ષક બાળકોને સારી સમજણ આપે છે, શ્રેષ્ઠ શિક્ષક પૂરતું માર્ગદર્શન-નિદર્શન કરે છે. જ્યારે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ જેવા મહાન શિક્ષકોના જીવન-કાર્યો સૌને પ્રેરણા આપે છે.'' શિક્ષકો માટે દરેક દિવસ એ પોતાની લાયકાત વધારવાની અને સમાજમાં શ્રેષ્ઠ બનવાની એક અસાધારણ અને અમૂલ્ય તક છે. ભારતની તેમજ વિશ્વની મહાન વિભૂતિઓના ઘડતરમાં તેમના માતા-પિતા તથા શિક્ષકોનો ફાળો વધુ રહેલો છે.

શિક્ષકઆલમ પ્રત્યે સમાજ, રાજ્ય અને રાષ્ટ્રમાં આદર-માનની ભાવના જન્મે તથા તેઓ પોતાના પવિત્ર વિદ્યાધર્મને અનુસરે અને શિક્ષણના વ્યવસાય ક્ષેત્રે વફાદાર અને પ્રામાણિક બને એ હેતુથી દર વર્ષે, પાંચમી સપ્ટેમ્બરે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ના જન્મદિનની યાદમાં 'શિક્ષકદિન'ની ઉજવણી થાય છે. 'ભારતરત્ન' ઍવૉર્ડથી વિભૂષિત અને મહાન તત્ત્વચિંતક, વિશ્વશિક્ષક, કેળવણીકાર અને ભારતના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ અને રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને સૌની લાગણી અને માગણીને માન આપીને પોતાનો જન્મદિન 'શિક્ષકદિન' તરીકે ઉજવાય એવી વાત કરીને, સમગ્ર શિક્ષકઆલમને ઊંચો સામાજિક મોભો આપ્યો છે. જો પોતાનામાં જ્ઞાન, ક્ષમતા, પ્રતિભા, આવડત, કૌશલ્ય હોય તો શિક્ષક પણ ધારે તો રાષ્ટ્રપતિ પદ જેવું સન્માન પામી શકે છે એ એમના જીવન અને કવન દ્વારા પરખાય છે.

આ વર્ષે પાંચમી સપ્ટેમ્બરે શિક્ષકદિને ટાગોર હૉલ, પાલડી, અમદાવાદ ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ માનનીય શિક્ષણમંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર દ્વારા ગુજરાતના 30 શ્રેષ્ઠ શિક્ષકોનું જાહેરમાં સન્માન-અભિવાદન કરવામાં આવ્યું હતું. રાજ્યના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના આ શ્રેષ્ઠ આચાર્યો તથા શિક્ષકોનું સન્માન કરતાં માનનીય શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરે શ્રીકૃષ્ણ, ચાણક્ય, વિનોબા ભાવે અને કાકા કાલેલકરના ઉદાહરણ આપી જણાવ્યું કે ''ભારતીય સંસ્કૃતિના વિકાસમાં ગુરુજીઓનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે. A.I.થી તાલીમ આપી શકાય પણ વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન તો શિક્ષકથી જ થાય. શિક્ષકની ભૂમિકા કાયમી અને જીવંત છે.'' 5, સપ્ટેમ્બરે સન્માનિત થયેલા આ તમામ શ્રેષ્ઠ શિક્ષકોને અત્રેથી બિરદાવી ધન્યવાદ પાઠવું છું.

શૈક્ષણિક વર્ષ : 2025-26થી ધો. 9 થી 12માં કેટલાક વિષયોના પ્રશ્નપત્ર-પરિરૂપમાં ફેરફાર થયા છે. એ મુજબ બોર્ડ દ્વારા વિષયવાર નમૂનાનાં પ્રશ્નપત્રો તૈયાર કરીને પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. વિષયશિક્ષકોએ તેનો અભ્યાસ કરીને, વિદ્યાર્થીઓને તે અંગે માહિતગાર કરવા અને એ મુજબ શાળા-પરીક્ષાઓનાં પ્રશ્નપત્રોનો મહાવરો કરાવવાનો રહેશે.

આ વર્ષે 11 થી 20 સપ્ટેમ્બર, 2025 દરમિયાન શાળાકક્ષાએ એકમ કસોટી લેવાઈ છે. તેમજ ઑક્ટોબર માસમાં ધો. 9 થી 12ની શાળા કક્ષાએ 'પ્રથમ સત્રાંત' પરીક્ષા લેવાનાર છે ત્યારે પરીક્ષા અંગે વિદ્યાર્થીઓને પૂરતું માર્ગદર્શન આપવા વિનંતી છે. પરીક્ષા પછી ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કરીને વાલીઓને ઉત્તરવહીઓ બતાવવાનો કાર્યક્રમ યોજાય, નબળાં બાળકોને પ્રોત્સાહન સાથે વધુ માર્ગદર્શન અપાય અને તેજસ્વી બાળકોને બિરદાવાય એવો કાર્યક્રમ શાળા કક્ષાએ યોજવા આચાર્યશ્રીઓને અનુરોધ છે. આ અંકમાં ધો. 10 અને 12ના કમ્પ્યૂટર અધ્યયન અને ધોરણ 12ના અર્થશાસ્ત્ર વિષયના નમૂનાનાં પ્રશ્નપત્રો સૌના અભ્યાસ માટે મૂક્યાં છે, જેનો લાભ લેવા સૌને અનુરોધ છે.

**આર. આર. વ્યાસ**
**સચિવ/તંત્રી**

**તા. 20-09-2025**

માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ

# અનુક્રમણિકા



| અ.નં. | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1. | પરીક્ષણ વિભાગ :<br>ધોરણ-10 અને ધોરણ-12 ના અભ્યાસક્રમનું માસવાર આયોજન, પ્રશ્નપત્ર પરિરૂપ અને નમૂનાના પ્રશ્નપત્રો : | સંકલન | |
| | • ધોરણ-10 : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક) | | 4 |
| | • ધોરણ-12 : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક) | | 12 |
| | • ધોરણ-12 : અર્થશાસ્ત્ર | | 25 |
| 2. | વહીવટી વિભાગ :<br>પરિપત્ર : શૈક્ષણિક વર્ષ 2025-26 માટે ધોરણ-10ના વિષયમાળખામાં વૉકેશનલ શિક્ષણના વિષયના સમાવેશ બાબત. | સંકલન | 32 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2025-26
## ધોરણ-10
## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક (24) અને પ્રાયોગિક (25))
## અભ્યાસક્રમનું માસવાર આયોજન

| ક્રમ | માસ | પ્રકરણ ક્રમ | પ્રકરણનું નામ | અંદાજિત તાસ |
|---|---|---|---|---|
| 1. | જૂન | 1.<br>2. | HTMLનો પરિચય<br>HTMLમાં Head અને Body વિભાગ (અપૂર્ણ) | 08<br>03 |
| 2. | જુલાઈ | 2.<br>5.<br>6. | HTMLમાં Head અને Body વિભાગ (પૂર્ણ)<br>કેલ્સીનો પરિચય<br>કેલ્સીમાં ડેટાનું ઍડિટિંગ અને ફોર્મેટિંગ | 06<br>07<br>08 |
| 3. | ઑગસ્ટ | 7. | કેલ્સીમાં વિધેય | 14 |
| 4. | સપ્ટેમ્બર | 9. | સમસ્યા અને સમસ્યાનું નિરાકરણ | 08 |
| 5. | ઑક્ટોબર | 10. | સી ભાષાનો પરિચય | 06 |
| 6. | નવેમ્બર | 11.<br>12. | સી ભાષામાં ડેટાપ્રકાર, પ્રક્રિયકો અને પદાવલિઓ<br>નિવેશ (Input)/નિર્ગમ (Output) પ્રક્રિયાઓનો ઉપયોગ | 06<br>06 |
| 7. | ડિસેમ્બર | 13.<br>14. | નિર્ણય માળખાં<br>લૂપ નિયંત્રણ માળખાં | 06<br>09 |
| 8. | જાન્યુઆરી | -- | Revision | -- |
| 9. | ફેબ્રુઆરી | -- | Revision | -- |

જગ છે એનું મૂક પરીક્ષક, ચાલે તેનું સતત પરીક્ષણ,
ને ના થાયે પૂરું શિક્ષણ, જેનો હું છું શિક્ષક. — **ઉમાશંકર જોશી**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-10

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક (24) અને પ્રાયોગિક (25))

## વાર્ષિક પરીક્ષા

**સમય : 1.30 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **ગુણ : 50**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 15 | 15 | 15 | 5 | 50 |
| ટકા(%) | 30% | 30% | 30% | 10% | 100% |

**કઠિનતામૂલ્ય પરનો ગુણભાર**

| ક્રમાંક | કઠિનતાનું સ્તર | કઠિનતામૂલ્ય | ગુણભાર |
|---|---|---|---|
| 1. | સરળ | 50% | 25 |
| 2. | મધ્યમ | 35% | 18 |
| 3. | કઠિન | 15% | 7 |
| | **કુલ** | **100%** | **50** |

| પ્રશ્નોનું સ્વરૂપ | હેતુલક્ષી (MCQ) |
|---|---|
| પ્રશ્નોની સંખ્યા | 50 |
| ફાળવેલ ગુણ | 50 |
| અંદાજિત સમય | 1.30 કલાક |

**પ્રકરણ અનુસાર ગુણભારની ફાળવણી**

| ક્રમ | પ્રકરણ ક્રમ | પ્રકરણનું નામ | સૈદ્ધાંતિક ગુણભાર | પ્રાયોગિક ગુણભાર |
|---|---|---|---|---|
| 1. | 1 | HTMLનો પરિચય | 6 | 8 |
| 2. | 2 | HTMLમાં Head અને body વિભાગ | 7 | 7 |
| 3. | 5 | કેલ્સીનો પરિચય | 3 | 4 |
| 4. | 6 | કેલ્સીનો પરિચયમાં ડેટાનું ઍડિટિંગ અને ફોર્મેટિંગ | 4 | 6 |
| 5. | 7 | કેલ્સીમાં વિધેય | 5 | 5 |
| 6. | 9 | સમસ્યા અને સમસ્યાનું નિરાકરણ | 3 | – |
| 7. | 10 | સી ભાષાનો પરિચય | 4 | |
| 8. | 11 | સી ભાષામાં ડેટાપ્રકાર, પ્રક્રિયકો અને પદાવલિઓ | 6 | 10 |
| 9. | 12 | નિવેશ (Input)/નિર્ગમ (Output) પ્રક્રિયાઓનો ઉપયોગ | 4 | |
| 10. | 13 | નિર્ણય માળખાં | 4 | 10 |
| 11. | 14 | લૂપ નિયંત્રણ માળખાં | 4 | |
| | | **કુલ** | **50** | **50** |

"એક પૂર્ણ શિક્ષક એટલે બાળકો માટે હરતી-ફરતી લાઈબ્રેરી." **– સ્વામી સચ્ચિદાનંદ**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2025-26
## ધોરણ-10
## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) (24)
## નમૂનાના પ્રશ્નપત્રની બ્લ્યૂપ્રિન્ટ

સમય : 1:30 કલાક                                                                                   ગુણ : 50

**પ્રકરણવાર ગુણભાર**

| પ્રકરણ ક્રમ | પ્રકરણનું નામ / પ્રશ્નનો પ્રકાર | જ્ઞાન(K) MCQ | સમજ(U) MCQ | ઉપયોજન(A) MCQ | કૌશલ્ય(S) MCQ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| 1 | HTMLનો પરિચય | 1 | 2 | 3 | 0 | 6 |
| 2 | HTMLમાં Head અને body વિભાગ | 3 | 2 | 1 | 1 | 7 |
| 5 | કેલ્સીનો પરિચય | 1 | 1 | 1 | 0 | 3 |
| 6 | કેલ્સીમાં ડેટાનું ઍડિટિંગ અને ફોર્મેટિંગ | 1 | 1 | 1 | 1 | 4 |
| 7 | કેલ્સીમાં વિધેય | 1 | 1 | 2 | 1 | 5 |
| 9 | સમસ્યા અને સમસ્યાનું નિરાકરણ | 1 | 1 | 1 | 0 | 3 |
| 10 | સી ભાષાનો પરિચય | 1 | 1 | 1 | 1 | 4 |
| 11 | સી ભાષામાં ડેટાપ્રકાર, પ્રક્રિયકો અને પદાવલિઓ | 2 | 2 | 1 | 1 | 6 |
| 12 | નિવેશ/નિર્ગમ પ્રક્રિયાઓનો ઉપયોગ | 2 | 1 | 1 | 0 | 4 |
| 13 | નિર્ણય માળખાં | 1 | 2 | 1 | 0 | 4 |
| 14 | લૂપ નિયંત્રણ માળખાં | 1 | 1 | 2 | 0 | 4 |
| | | 15 | 15 | 15 | 5 | 50 |

"શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદ મેં પલતે હૈ." — **ચાણક્ય**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ - 2025-26**

**ધોરણ-10**

**વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) (24)**

**વાર્ષિક પરીક્ષા**

**સમય : 1:30 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **ગુણ : 50**

**સૂચનાઓ :**

- દરેક પ્રશ્નનો 01 ગુણ છે.
- જમણી બાજુના આંકડા પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.

**1. વેબની માહિતી દર્શાવવા માટે કઈ માર્કઅપ ભાષાની જરૂર પડે છે ?**

(A) CML (B) HTML

(C) NML (D) WML

**2. HTML દસ્તાવેજમાં કેટલા ટાઈટલ ઍલિમેન્ટ હોય છે ?**

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

**3. HTMLમાં નીચેનામાંથી કયું ખાલી (Empty) ટેગનું ઉદાહરણ છે ?**

(A) <H1> (B) <P>

(C) <Br> (D) <Pre>

**4. HTMLમાં નક્કી કરેલ લખાણને ઘાટા અક્ષરોમાં રાખવા માટે કયા ટેગનો ઉપયોગ કરાય છે ?**

(A) <tt> (B) <B>

(C) <I> (D) <sup>

**5. HTML દસ્તાવેજની અંદર કેટલાક અક્ષરો કે શબ્દોનો સમૂહ કે જે અલગ રંગથી (સામાન્ય રીતે ભૂરા રંગથી) અને નીચે લીટી દોરીને દર્શાવાય છે તેને શું કહે છે ?**

(A) ઈમેજ લિંક (B) ગુણધર્મ

(C) હાઈપર લિંક (D) પ્રિફોર્મેટેડ

**6. HTML એલિમેન્ટની સાથે વધારાની ગોઠવણ કરવા નીચેનામાંથી શું ઉપયોગમાં લેવાય છે ?**

(A) સંખ્યા (નંબર) (B) ગુણધર્મ (એટ્રીબ્યુટ)

(C) ટિપ્પણી (કોમેન્ટ) (D) લખાણ (કન્ટેન્ટ)

**7. નીચેનામાંથી કયા બે, HTML કોડના બે, મૂળભૂત વિભાગો બનાવે છે ?**

(A) Head અને Body (B) Physical અને Logical

(C) Code અને Browser (D) Meta tags અને Body

"મારું માથું બે વ્યક્તિને નમે છે : એક શિક્ષકને અને બીજા ખેડૂતને." **— અનામી**

8. **HTML કોડમાં ટેગ દર્શાવવા માટે નીચેનામાંથી શું ઉપયોગમાં લેવાય છે ?**
(A) સોળ અંકની પદ્ધતિમાં કલર કોડ (B) દશાંશ પદ્ધતિમાં કલર કોડ
(C) કલર મિકિસંગ મોડેલ (D) ટકાવારીમાં મિકસેલ

9. **HTMLમાં ખાનાને સમાંતર આડી લીટી દોરવા માટે નીચેનામાંથી કયા ઍલિમેન્ટનો ઉપયોગ થાય છે ?**
(A) <In> (B) <line>
(C) <hr> (D) <rular>

10. **અક્ષર સ્વરૂપાંકન માટેની નીચેનામાંથી કઈ ભૌતિક ટેગની વચ્ચે ટાઈપ કરેલ લખાણને તેની આગળના લખાણ કરતા નાના અક્ષરોમાં અને થોડું ઉપર દર્શાવેલ છે ?**
(A) <sub>...</sub> (B) <lt>...</lt>
(C) <strike>...</strike> (D) <sup>...</sup>

11. **નીચેનામાંથી કયો HTMLમાં <FONT> ટેગનો ગુણધર્મ નથી ?**
(A) face (B) size
(C) type (D) color

12. **HTMLમાં '&' ચિહ્ન માટે નીચેનામાંથી કઈ સાંકેતિક સંજ્ઞાનો ઉપયોગ કરવામાં આવે છે ?**
(A) lt (B) gt
(C) cmp (D) and

13. **HTMLમાં કયો ટેગ આખા વેબ પેજ માટેના સામાન્ય (default) ફોન્ટ વ્યાખ્યાયિત કરે છે ?**
(A) <base (B) <basefont>
(C) <default> (D) <body>

14. **કેલ્સીમાં બનાવેલી વર્કશીટનું અનુલંબન નીચેનામાંથી શું હોય છે ?**
(A) .ods (B) .odd
(C) .xls (D) .obj

15. **કેલ્સીમાં જરૂરિયાત પ્રમાણે ટૂલબારને પ્રદર્શિત કરવા માટે કયા મેનુ વિકલ્પનો ઉપયોગ થાય છે ?**
(A) File -> Toolbar (B) Edit --> Toolbars
(C) View ==> Toolbars (D) Format --> Toolbars

16. **કેલ્સીમાં વર્કશીટના કોઈપણ સેલમાં સૂત્ર દાખલ કરવા માટે સૂત્રની શરૂઆતમાં કયું ચિહ્ન લખવું જરૂરી છે ?**
(A) * (B) /
(C) % (D) =

17. **કેલ્સીમાં નવી સ્પ્રેડશીટ ખોલવા માટે કઈ શોર્ટ કટ કીનો ઉપયોગ થાય છે ?**
(A) ctrl + S (B) ctrl + O
(C) ctrl + N (D) ctrl + T

18. **કેલ્સીમાં નિરપેક્ષ સ્થાનાંક કરવા માટે નીચેનામાંથી કયા ચિહ્નનો ઉપયોગ થાય છે ?**
(A) + (B) =
(C) $ (D) &

ભણ્યા જ નહિ માત્ર, કિન્તુ મુજને ભણાવ્યા તમે,
તમે જ ગુરુ, શિષ્ય હું, શિર સદૈવ એથી નમે. – **નિરંજન ભગત**

**19.** કેલ્સીમાં મદદ મેળવવા માટે નીચેનામાંથી કઈ ફંકશન કીનો ઉપયોગ થાય છે ?

(A) F1 (B) F2

(C) F4 (D) F7

**20.** કેલ્સીમાં બિનજરૂરી ડેટાને ગાળીને દૂર કરવાની પ્રક્રિયાને શું કહે છે ?

(A) સોર્ટિંગ (B) સર્ચિંગ

(C) ફિલ્ટરિંગ (D) વેલીડેટિંગ

**21.** કેલ્સીમાં નીચેનામાંથી કયું ગાણિતિક વિધેય આપેલ સંખ્યાની ક્રમિક વિધેયની કિંમત પાછી આપે છે ?

(A) sum() (B) product()

(C) sort() (D) fact()

**22.** કેલ્સીમાં =**int**(15.3) વિધેય કઈ કિંમત પરત કરશે ?

(A) 15 (B) 3

(C) 15.0 (D) 0.3

**23.** કેલ્સીમાં કયું આંકડાકીય વિધેય આપેલી સંખ્યાઓની સરેરાશ કિંમત પાછી આપે છે ?

(A) mean() (B) mode()

(C) median() (D) average()

**24.** કેલ્સીમાં નીચેનામાંથી કયું સ્ટ્રિંગ ફંકશન (વિધેય) આપેલી (શાબ્દિક લખાણ) સ્ટ્રિંગની લંબાઈ (કેટલા અક્ષરનો સમાવેશ છે તે) જણાવે છે ?

(A) length() (B) size()

(C) len() (D) એક પણ નહીં

**25.** નીચેનામાંથી કયો કેલ્સીનો તાર્કિક વિધેય નથી ?

(A) proper (B) OR

(B) AND (D) NOT

**26.** નીચેનામાંથી કયું એક કાર્યરીતિ છે જેમાં સમસ્યાના ઉકેલ માટે યંત્ર દ્વારા કરવામાં આવતા દરેક કાર્યને ચિત્રાત્મક સ્વરૂપે રજૂ કરવામાં આવે છે ?

(A) સુડો કોડ (B) ફ્લો ચાર્ટ

(C) પાઈ ચાર્ટ (D) અલ્ગોરિધમ

**27.** નીચેનામાંથી કયું ચિહ્ન ફ્લો ચાર્ટમાં અંત દર્શાવવા માટે વાપરવામાં આવે છે ?

(A) વર્તુળ (B) હીરો

(C) ગોળ ખૂણાઓવાળો લંબચોરસ (D) ચોરસ

**28.** ફ્લો ચાર્ટમાં અનુસંધાન ચિહ્ન દર્શાવવા માટે કયું ચિહ્ન લખાય છે ?

(A) ચોરસ (B) વર્તુળ

(C) હીરો (D) લંબચોરસ

**29.** સી ભાષામાં મૂળાક્ષરોને કેટલા વર્ગોમાં વહેંચી શકાય છે ?

(A) 2 (B) 3

(C) 4 (D) 6

"સાચો શિક્ષક એ જ હોય છે જે વિદ્યાર્થીઓને આવનારા પડકારો માટે તૈયાર કરે."

**– ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્**

**30.** સી ભાષામાં નીચેનામાંથી કયું અમાન્ય ચલનું નામ છે ?

(A) interest (B) marks100

(C) _file (D) total&value

**31.** સી ભાષામાં સાંકેતિક અચલોને વ્યાખ્યાયિત કરવા માટે નીચેનામાંથી કઈ વાક્યરચનાનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) #define identifier value (B) #define value identifier

(C) #value identifier definition (D) એક પણ નહીં

**32.** સી ભાષામાં લખવામાં આવેલી ફાઈલનું અનુલંબન શું હોય છે ?

(A) .c (B) .ci

(C) .onj (D) .exe

**33.** નીચેનામાંથી કયો સી ભાષાનો ગાણિતિક પ્રક્રિયક નથી ?

(અ) + (B) %

(C) / (D) \

**34.** નીચેનામાંથી કયો સી ભાષાનો સંબંધસૂચક પ્રક્રિયક છે ?

(A) == (B) &&

(C) || (D) /

**35.** શરતોને ચકાસવા માટે સી ભાષામાં ટર્નરી પ્રક્રિયક અથવા શરતી પ્રક્રિયક નીચેનામાંથી કઈ નિશાનીઓનો ઉપયોગ કરે છે ?

(A) "?:" (B) "\/"

(C) "#&" (D) "$&"

**36.** સી ભાષામાં નીચેનામાંથી કયા પ્રક્રિયક ચિહ્નનો ઉપયોગ તાર્કિક **NOT** માટે થાય છે ?

(A) && (B) ||

(C) ! (D) <>

**37.** સી ભાષામાં આપેલ ડેટા પ્રકારને ઉપનામ આપવા માટે નીચેનામાંથી કયા કી વર્ડનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) enum (B) deg

(C) printv (D) typedef

**38.** સી ભાષામાં **value++**નો અર્થ શું કરી શકાય ?

(A) પોસ્ટ ઈન્ક્રીમેન્ટ (B) પોસ્ટ ડીક્રીમેન્ટ

(C) પ્રિ ઈન્ક્રીમેન્ટ (D) પ્રિ ડીક્રીમેન્ટ

**39.** સી ભાષામાં પ્રોગ્રામનો અમલ કરતી વખતે એક અક્ષર વાંચવા માટે કયા વિધેયનો ઉપયોગ થાય છે ?

(A) gets() (B) getchar()

(C) puts() (D) getl()

**40.** સી ભાષામાં નીચેનામાંથી કયા વિધેયનો ઉપયોગ ઉપયોગકર્તા દ્વારા ટાઈપ કરવામાં આવેલ અક્ષરને સ્ક્રીન પર દર્શાવવો ન હોય ત્યારે થાય છે ?

(A) getchar() (B) getch()

(C) getc() (D) gets()

"જો લોકો મને એક સારા શિક્ષક તરીકે યાદ કરે તો તે મારા માટે સૌથી મોટું સન્માન હશે."
**– એ.પી.જે.અબ્દુલકલામ**

41. **નીચેનામાંથી કયા સાધન દ્વારા પ્રોગ્રામમાં ઈનપુટ શકય છે ?**
(A) કીબોર્ડ (B) સ્પીકર
(C) પ્રિન્ટર (D) મોનિટર

42. **સી ભાષામાં ફોર્મેટેડ ઈનપુટ માટે નીચેનામાંથી કયા વિધેયનો ઉપયોગ થાય છે ?**
(A) gets() (B) getc()
(C) getch() (C) scanf()

43. **સી ભાષા મૂળભૂત રીતે કેટલા પ્રકારના નિર્ણય માળખા માટેના વિધાન પૂરા પાડે છે ?**
(A) એક (B) બે
(C) ત્રણ (D) ચાર

44. **સી ભાષામાં if વિધાનનો ઉપયોગ નીચેનામાંથી કયા પ્રકારે કરી શકાય ?**
(A) સરળ if વિધાન (B) if-else વિધાન
(C) else–if વિધાન (D) ઉપરના તમામ

45. **સી ભાષામાં જયારે આપેલ અનેક પસંદગીઓમાંથી કોઈ એક ક્રિયા પસંદ કરવાની હોય ત્યારે કયા વિધાનનો ઉપયોગ થાય છે ?**
(A) સરળ if વિધાન (B) લૂપ વિધાન
(C) switch વિધાન (D) એક પણ નહીં

46. **નીચેના if વિધાનના અમલ બાદ flag ચલની કિંમત કઈ હશે ?**

```
int flag = 0;
if (5<8)
{flag=1;}
```

(A) 0 (B) 1
(C) 5 (D) 8

47. **નીચેનામાંથી કઈ સી ભાષાની નિર્ગમ નિયંત્રણ લૂપ છે ?**
(A) for (B) while
(C) do...while (D) એક પણ નહી

48. **સી ભાષામાં for લૂપમાં કયા પ્રક્રિયકનો ઉપયોગ કરીને એકથી વધુ પ્રાચલનો આરંભ કરી શકાય છે ?**
(A) . Dot (B) , Coma
(C) : Colon (D) ; Semi Colon

49. **સી ભાષામાં જ્યારે ફેરાની સંખ્યા પૂર્વ નિશ્ચિત ન હોય અને લૂપને અટકાવવા માટેની શરત લૂપમાં પ્રવેશ કરતા પહેલાં ચકાસવાની હોય ત્યારે કઈ લૂપનો ઉપયોગ વધુ અનુકૂળ છે ?**
(A) for (B) while
(C) do ... while (D) એક પણ નહીં

50. **સી ભાષામાં લૂપના અમલ દરમિયાન કેટલીક વાર લૂપના અન્ય વિધાનોનો અમલ કર્યા વિના લૂપને અચાનક જ અટકાવી દેવાની જરૂર પડે ત્યારે કયા વિધાનનો ઉપયોગ થાય છે ?**
(A) break (B) continue
(C) go (D) exit

"પોતાના વિદ્યાર્થીઓ કે છાત્રોમાં સર્જનાત્મક ભાવ અને જ્ઞાનનો આનંદ જગાડે તે શિક્ષકનો મહત્ત્વપૂર્ણ ગુણ છે." **— આલ્બર્ટ આઈન્સ્ટાઈન**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક (331) અને પ્રાયોગિક (332))

## અભ્યાસક્રમનું માસવાર આયોજન

| ક્રમ | માસ | પ્રકરણ નંબર | પ્રકરણનું નામ | અંદાજિત તાસ |
|---|---|---|---|---|
| 1. | જૂન | 1.<br>2. | કમ્પોઝરનો ઉપયોગ કરી HTML ફોર્મની રચના<br>કેસ્કેડિંગ સ્ટાઈલશીટ અને જાવાસ્ક્રિપ્ટ (અપૂર્ણ) | 05<br>06 |
| 2. | જુલાઈ | 2.<br>3.<br>4. | કેસ્કેડિંગ સ્ટાઈલશીટ અને જાવાસ્ક્રિપ્ટ (પૂર્ણ)<br>કમ્પોઝરનો ઉપયોગ કરી સરળ વેબસાઈટની રચના<br>ઈ-કોમર્સનો પરિચય | 06<br>08<br>06 |
| 3. | ઑગસ્ટ | 5.<br>6. | એમ-કોમર્સનો પરિચય<br>ઑબ્જેક્ટ આધારિત ખ્યાલો | 08<br>06 |
| 4. | સપ્ટેમ્બર | 7. | જાવાની મૂળભૂત બાબતો (અપૂર્ણ) | 10 |
| 5. | ઑક્ટોબર | 7. | જાવાની મૂળભૂત બાબતો (પૂર્ણ) | 05 |
| 6. | નવેમ્બર | 8. | જાવામાં ક્લાસ અને ઑબ્જેક્ટ (અપૂર્ણ) | 12 |
| 7. | ડિસેમ્બર | 8.<br>9. | જાવામાં ક્લાસ અને ઑબ્જેક્ટ (પૂર્ણ)<br>ઍરે અને સ્ટ્રિંગનો ઉપયોગ | 02<br>11 |
| 8. | જાન્યુઆરી | 13. | અન્ય ઉપયોગી નિઃશુલ્ક ટુલ્સ અને સેવાઓ | 05 |
| 9. | ફેબ્રુઆરી | – | પુનરાવર્તન | – |

**નોંધ :** પ્રકરણ 13 માંથી નીચેના 3 મુદ્દા સંપૂર્ણ રદ કરેલ છે.

(1) 'આર' સોફ્ટવેર (પેજ નંબર 267)

(2) 'આર'માં આલેખ દોરવા. (પેજ નંબર 269)

(3) રેશનલ પ્લાન (પેજ નંબર 271)

"જે ધીરજ ન ગુમાવે, વિદ્યાર્થીના સ્વભાવની નિર્દોષતામાં અને તેના હૃદયના સૌજન્યમાં અખંડ વિશ્વાસ રાખી શકે તે જ સાચો શિક્ષક." — **'અનામી'**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12 (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક (331) અને પ્રાયોગિક (332))

## વાર્ષિક પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** ગુણ : 100

નોંધ : સૈદ્ધાંતિક પ્રશ્નપત્ર પદ્ધતિ આધારિત રહેશે.

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | કૌશલ્ય (S) | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| ગુણ | 30 | 30 | 30 | 10 | 100 |
| ટકા(%) | 30% | 30% | 30% | 10% | 100% |

કઠિનતામૂલ્ય પરનો ગુણભાર

| ક્રમાંક | કઠિનતાનું સ્તર | કઠિનતામૂલ્ય | ગુણભાર |
|---|---|---|---|
| 1. | સરળ | 50% | 50 |
| 2. | મધ્યમ | 35% | 35 |
| 3. | કઠિન | 15% | 15 |
| | કુલ | **100%** | **100** |

| પ્રશ્નોનું સ્વરૂપ | હેતુલક્ષી (MCQ) |
|---|---|
| પ્રશ્નોની સંખ્યા | 100 |
| ફાળવેલ ગુણ | 100 |
| અંદાજિત સમય | 2 કલાક |

પ્રકરણ અનુસાર ગુણભારની ફાળવણી

| ક્રમ | પ્રકરણ ક્રમ | પ્રકરણનું નામ | સૈદ્ધાંતિક ગુણભાર | પ્રાયોગિક ગુણભાર |
|---|---|---|---|---|
| 1. | 1 | કમ્પોઝરનો ઉપયોગ કરી HTML ફોર્મની રચના કરવી | 10 | 7 |
| 2. | 2 | કેસ્કેડિંગ સ્ટાઈલશીટ અને જાવાસ્ક્રિપ્ટ | 12 | 8 |
| 3. | 3 | કમ્પોઝરનો ઉપયોગ કરી સરળ વેબસાઇટની રચના | 10 | 10 |
| 4. | 4 | ઈ-કોમર્સનો પરિચય | 10 | 0 |
| 5. | 5 | એમ-કોમર્સનો પરિચય | 12 | 0 |
| 6. | 6 | ઑબ્જેક્ટ આધારિત ખ્યાલો | 10 | 0 |
| 7. | 7 | જાવાની મૂળભૂત બાબતો | 10 | 10 |
| 8. | 8 | જાવામાં ક્લાસ અને ઑબ્જેક્ટ | 10 | 15 |
| 9. | 9 | ઍરે અને સ્ટ્રિંગનો ઉપયોગ | 10 | |
| 10. | 13 | અન્ય ઉપયોગી નિઃશુલ્ક ટુલ્સ અને સેવાઓ | 06 | 0 |
| | | કુલ | **100** | **50** |

"શિક્ષક કદી શીખતો ન રહે તો એ કદી શીખવી ન શકે." — **રવીન્દ્રનાથ ટાગોર**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12 (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) (331)

સમય : 2 કલાક | **નમૂનાના પ્રશ્નપત્રની બ્લ્યૂપ્રિન્ટ** | ગુણ : 100

**પ્રકરણવાર ગુણભાર**

| પ્રકરણ ક્રમ | પ્રકરણનું નામ | જ્ઞાન(K) | સમજ(U) | ઉપયોજન(A) | કૌશલ્ય(S) | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નનો પ્રકાર | MCQ | MCQ | MCQ | MCQ | |
| 1 | કમ્પોઝરનો ઉપયોગ કરી HTML ફોર્મની રચના કરવી. | 4 | 2 | 2 | 2 | 10 |
| 2 | કેસ્કેડિંગ સ્ટાઈલશીટ અને જાવાસ્ક્રિપ્ટ | 4 | 3 | 3 | 2 | 12 |
| 3 | કમ્પોઝરનો ઉપયોગ કરી સરળ વેબસાઈટની રચના | 2 | 3 | 4 | 1 | 10 |
| 4 | ઈ-કોમર્સનો પરિચય | 3 | 4 | 3 | 0 | 10 |
| 5 | એમ-કોમર્સનો પરિચય | 5 | 4 | 3 | 0 | 12 |
| 6 | ઑબ્જેક્ટ આધારિત ખ્યાલો | 3 | 3 | 3 | 1 | 10 |
| 7 | જાવાની મૂળભૂત બાબતો | 2 | 3 | 4 | 1 | 10 |
| 8 | જાવામાં ક્લાસ અને ઑબ્જેક્ટ | 2 | 3 | 3 | 2 | 10 |
| 9 | ઍરે અને સ્ટ્રિંગનો ઉપયોગ | 3 | 3 | 3 | 1 | 10 |
| 13 | અન્ય ઉપયોગી નિઃશુલ્ક ટુલ્સ અને સેવાઓ | 2 | 2 | 2 | 0 | 6 |
| | | 30 | 30 | 30 | 10 | 100 |

"શિક્ષકનો વ્યવસાય સૌથી શ્રેષ્ઠ છે." **— જે. કૃષ્ણમૂર્તિ**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12 (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) (331)

## વાર્ષિક પરીક્ષા

**સમય : 2 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **ગુણ : 100**

**1.** HTMLમાં ફોર્મની રચના કરવા માટે નીચેનામાંથી કયા ઘટકનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) <form> (B) <action>

(C) <image> (D) <text>

**2.** HTML ફોર્મમાં ફિલ્ડને પૂર્વ નિર્ધારિત કિંમત સાથે દર્શાવવા માટે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) text (B) value

(C) name (D) type

**3.** HTML ફોર્મમાં ફિલ્ડને નામ આપવા માટે (input) ઘટકની કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) name (B) type

(C) value (D) initial

**4.** કમ્પોઝરમાં જુદા જુદા ટુલબાર અને સ્ટેટસ બાર દર્શાવવા માટે નીચેનામાંથી કયા મેનુ વિકલ્પનો ઉપયોગ થાય છે ?

(A) Edit → Show (B) Format → Show

(C) View → Show (D) Insert → Show

**5.** કમ્પોઝરમાં સાઈટ મેનેજરના વિભાગને બંધ કરવા માટે નીચેનામાંથી કઈ 'કી'નો ઉપયોગ થાય છે ?

(A) F3 (B) F5

(C) F6 (D) F9

**6.** કમ્પોઝરના ફોર્મમાં ચેકબોક્સ બનાવવા માટે નીચેનામાંથી કયા મેનુ વિકલ્પનો ઉપયોગ થાય છે ?

(A) Form → Form Field (B) File → Form Field

(C) Format → Form Field (D) Tools → Form Field

**7.** કમ્પોઝરના ફોર્મમાં રેડિયો બટનનો કોઈ વિકલ્પને પૂર્વ નિર્ધારિત રીતે પસંદ કરેલો રાખવા ઈચ્છતા હોઈએ તો નીચેનામાંથી કયા લખાણ આગળ આવેલું ચેકબોક્સ પસંદ કરવું જોઈએ ?

(A) Initially selected (B) Initially checked

(C) Selected (D) એક પણ નહીં

"શિક્ષક માનવવર્તનનો ઈજનેર છે." — **ડૉ. મધુરીબેન શાહ**

**8.** HTMLમાં ફોર્મની વિગતો મોકલતી વખતે HTTP પદ્ધતિ સ્પષ્ટ કરવા માટે નીચેનામાંથી ફોર્મની કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) submit (B) action

(C) method (D) input

**9.** HTML ફોર્મમાં નીચેનામાંથી કઈ પદ્ધતિ એક સમયે માત્ર મર્યાદિત માહિતી મોકલવાની અનુમતિ પૂરી પાડે છે ?

(A) GET (B) POST

(C) SET (D) PVT

**10.** નીચેનામાંથી કયું નિઃશુલ્ક ઓપન સોર્સ વેબ વિકાસ માટેનું IDE છે ?

(A) HTML (B) KompoZer

(C) SciTE (D) Base

**11.** નીચેનામાંથી કોનો ઉપયોગ વેબસાઈટમાં દર્શનીય ઘટકો માટેની શૈલી સ્પષ્ટ કરવા માટે થાય છે ?

(A) Cascading Style Sheet (B) Webpage

(C) Form (D) Animation

**12.** CSS Rulesના મુખ્ય કેટલા વિભાગો છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (C) છ

**13.** કમ્પોઝરમાં Cascade બટન નીચેનામાંથી કયા ટૂલ બાર પર ઉપલબ્ધ છે?

(A) Format Toolbar1 (B) Format Toolbar2

(C) Composition Toolbar (D) Editmode Toolbar

**14.** CSS Style sheet ડાયલોગ બોક્સમાં કયા વિભાગમાં નિર્માણ કરવામાં આવેલ CSS કોડ દર્શાવવામાં આવે છે ?

(A) General (B) Text

(C) Lists (D) Aural

**15.** નીચેનામાંથી કઈ સંસ્થાએ જાવા સ્ક્રિપ્ટનો વિકાસ કર્યો ?

(A) Yahoo (B) Google

(C) Wikipedia (D) Netscape

**16.** નીચેનામાંથી કઈ નિશાની દ્વારા જાવા સ્ક્રિપ્ટ બ્લોકની શરૂઆત અને અંત દર્શાવવામાં આવે છે ?

(A) અર્ધવિરામ (semi colon) (B) ચોરસ કૌંસ (square bracket)

(C) છગડિયો કૌંસ (curly bracket) (D) સાદા કૌંસ (round bracket)

**17.** જાવા સ્ક્રિપ્ટમાં નીચેનામાંથી કયા વિધાનનો ઉપયોગ વિધેયમાં કિંમત પરત કરવા માટે થાય છે ?

(A) return (B) function

(C) select (D) send

"જે રાજ્યમાં ઉત્તમ શિક્ષકો વધુ તે રાજ્યમાં જેલ ઓછી હશે." — **પ્લેટો**

**18.** વિગતોનો સંગ્રહ કરવા માટેના સંગ્રાહકને શું કહે છે ?

(A) ચલ (B) પૂર્ણાંક

(C) ઘટના (D) ઘટના-સંચાલક

**19.** જાવા સ્ક્રિપ્ટમાં ઉપયોગકર્તા ફોર્મનું ફિલ્ડ પસંદ કરે ત્યારે કઈ ઘટના ઉદ્‌ભવે છે ?

(A) focus (B) load

(C) select (D) click

**20.** બ્રાઉઝર ઑબ્જેક્ટ મોડેલમાં નીચેનામાંથી કયા ઑબ્જેક્ટની પદ્ધતિઓ અને ગુણધર્મો દ્વારા વેબ બ્રાઉઝરની વિન્ડોને નિયંત્રણ કરવામાં આવે છે ?

(A) window (B) document

(C) history (D) location

**21.** જાવા સ્ક્રિપ્ટમાં નિશ્ચિત કાર્યને પાર પાડતા પુનઃ ઉપયોગમાં લઈ શકાય તેવા કોડના બ્લોકને શું કહે છે ?

(A) વિધેય (B) ચલ

(C) ઍરે (D) ઘટના

**22.** નીચેનામાંથી કઈ સ્ક્રીપ્ટીંગ ભાષાનો ઉપયોગ વેબ પેજમાં પ્રોગ્રામિંગ ઉમેરવા માટે કરવામાં આવે છે ?

(A) Action script (B) Java Script

(C) HTML (D) CSS

**23.** વિશિષ્ટ હેતુ માટે પરસ્પર જોડાયેલા વેબ પેજના સમૂહને શું કહે છે ?

(A) ફોર્મ (B) વેબસાઈટ

(C) CSS (D) ડોક્યુમેન્ટ

**24.** વેબસાઈટમાં કેવી માહિતી હોવી જોઈએ ?

(A) સંપૂર્ણ, સંબંધિત (B) સંપૂર્ણ, અસંબંધિત

(C) અપૂર્ણ, અસંબંધિત (D) અપૂર્ણ, સંબંધિત

**25.** વેબસાઈટની વિકાસ પ્રક્રિયામાં નીચેનામાંથી કયો મુદ્દો અગત્યનો નથી ?

(A) હેતુ (B) પ્રેક્ષકગણ

(C) વિષયવસ્તુ (D) નિવેશ

**26.** વેબ પેજનું શીર્ષક વેબ બ્રાઉઝરમાં કયાં દર્શાવવામાં આવે છે ?

(A) સ્ટેટસ બારમાં (B) ટાઈટલ બારમાં

(C) મેનુ બારમાં (D) ટૂલ બારમાં

**27.** કમ્પોઝરમાં વેબ પેજમાં ટેબલ ઉમેરવા માટે કયા મેનુ વિકલ્પનો ઉપયોગ થાય છે ?

(A) Insert → Table (B) Format → Table

(C) Edit → Table (D) View → Table

**28.** વેબસાઈટને વેબ સર્વર પર અપલોડ કરવાની જગ્યા નીચેનામાંથી કોણ પૂરી પાડે છે ?

(A) Internet Service Provider (B) Internet Host Provider

(C) Internet Space Provider (D) Internet Space Manager

"મારો જન્મ મારા માતા-પિતાને આભારી છે, પરંતુ મારું જીવન તો મારા શિક્ષકને જ આભારી છે."
**— ઍલેક્ઝાન્ડર**

**29.** કમ્પ્યૂટર પરથી વેબ હોસ્ટ પર ફાઈલોના સ્થાનાંતરણ માટે નીચેનામાંથી શેનો ઉપયોગ થાય છે ?

(A) FTP (B) HTP

(C) STP (D) NST

**30.** કમ્પોઝરમાં લિંકની રચના કરવા માટે કયા મેનુ વિકલ્પનો ઉપયોગ થાય છે ?

(A) Insert --> Link (B) Format --> Link

(C) Edit --> Link (D) View --> Link

**31.** નીચેનામાંથી કયું ઓપન સોર્સ WYSIWYG પ્રકારનું HTML ઍડિટર છે કે જે અંગ્રેજી, જર્મન, ડચ અને ચાઈનીઝ જેવી ભાષાનું સમર્થન કરે છે ?

(A) અપ્ટાના સ્ટુડિયો (B) બ્લૂગ્રિફોન

(C) અમાયા (D) કમ્પોઝર

**32.** ઓપન સોર્સ WYSIWYG પ્રકારનું વેબ ઍડિટર અમાયા કોના દ્વારા વિકસિત કરવામાં આવ્યું છે ?

(A) W3C (B) WWW

(C) NetScape (D) Windows

**33.** ઈન્ટરનેટ જેવા ઈલેક્ટ્રોનિક માધ્યમનો ઉપયોગ કરી ઉત્પાદનનું ખરીદ-વેચાણ સેવા અને માહિતી પૂરી પાડવાના કાર્યને શું કહે છે ?

(A) ઈ-કોમર્સ (B) પરંપરાગત કોમર્સ

(C) એલ-કોમર્સ (D) વૈશ્વિક કોમર્સ

**34.** નીચેનામાંથી પુસ્તકોની ઑનલાઇન દુકાનનું ઉદાહરણ કયું છે ?

(A) amazon (B) irctc

(C) gmail (D) yahoo

**35.** ઈન્ટરનેટ પર ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ વર્તમાનપત્રને શું કહે છે ?

(A) I-Newspaper (B) Internet Newspaper

(C) www-Newspaper (D) E-Newspaper

**36.** નીચેનામાંથી કઈ ઑનલાઇન હરાજી માટેની પ્રચલિત વેબસાઈટ છે ?

(A) www.amazon.com (B) www.myntra.com

(C) www.makemytrip.com (D) www.ebay.com

**37.** ભારતીય રેલવેની વેબસાઈટ પર ટિકિટની નોંધણી થઈ ગયા બાદ ગ્રાહકને નીચેનામાંથી કઈ રીતે મોકલવામાં આવે છે ?

(A) ઈ-મેઈલ દ્વારા (B) SMS દ્વારા

(C) (A) અને (B) બંને (D) એક પણ નહીં

**38.** નીચેનામાંથી કઈ માર્કેટિંગ અને વેચાણ માટેની પ્રચલિત વેબસાઈટ નથી ?

(A) www.homeshop18.com (B) www.flipkart.com

(C) www.pnbindia.in (D) www.myntra.com

"શિક્ષકનું જીવન ખુલ્લી કિતાબ જેવું હોવું જોઈએ. શિક્ષકનું બિનદંભી અને નિષ્કલંક જીવન જ બાળકો માટે પ્રેરણાસ્રોત બની રહે છે." **— મહાત્મા ગાંધીજી**

39. ઇન્ટરનેટ પર કરવામાં આવતા બેંકના વ્યવહારોને નીચેનામાંથી કઈ પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે?

(A) હરાજી (B) બોલી

(C) નેટ બૅન્કિંગ (D) www.બૅન્કિંગ

40. નીચેનામાંથી કયો ઈ-કોમર્સનો ફાયદો છે ?

(A) ઝડપ (B) સુરક્ષા

(C) ગોપનીયતા (D) પ્રારંભિક ખર્ચ

41. ઉત્પાદન કે સેવા પૂરી પાડતા વ્યાવસાયિકો કે સંસ્થાઓ ઇન્ટરનેટની વેબસાઈટ પર કઈ વ્યવસાયી પ્રતિકૃતિનો ઉપયોગ કરે છે ?

(A) વ્યવસાયીથી ગ્રાહક (B) વ્યવસાયીથી વ્યવસાયી

(C) ગ્રાહકથી વ્યવસાયી (D) સરકારથી વ્યવસાયી

42. સરકારથી નાગરિક (G2C) વ્યવસાયી પ્રતિકૃતિના ઉદ્દેશ્યની પૂર્તિ માટે ગુજરાત સરકારે પોતાનું કયું નેટવર્ક વિકસિત કર્યું છે ?

(A) GSNET (B) GSWAN

(C) GSLAN (D) GSMAN

43. એમ-કોમર્સમાં નીચેનામાંથી કયા સાધનનો ઉપયોગ થાય છે ?

(A) મોબાઈલ ફોન (B) સ્માર્ટ ફોન

(C) પર્સનલ ડિજિટલ આસિસ્ટન્ટ (D) ઉપરના તમામ

44. નીચેનામાંથી કઈ એમ-કોમર્સની મર્યાદા છે ?

(A) વૈશ્વિક સંપર્ક શક્ય બને છે.

(B) વ્યવહાર ખર્ચમાં ઘટાડો થાય છે.

(C) વ્યવસાય નિરંતર એટલે કે 24 X 7 સમયે ચલાવી શકાય છે.

(D) તે મર્યાદિત બેન્ડ વિડથ (ગતિ) ધરાવે છે.

45. વ્યાવસાયિક હેતુ માટે સ્થાનની માહિતી પૂરી પાડતી તકનિકના ઉપયોગને શું કહે છે ?

(A) ઈ-કોમર્સ (B) એમ-કોમર્સ

(C) એલ-કોમર્સ (D) પરંપરાગત કોમર્સ

46. એમ-કોમર્સમાં સ્થાન આધારિત સેવાનાં ઉદાહરણમાં નીચેનામાંથી કઈ સેવા એક સ્થળથી અન્ય સ્થળ સુધીનું દિશાસૂચન કરે છે ?

(A) નકશા (B) નેવિગેશન

(C) અનુસંધાન સેવા (D) માહિતી અથવા નિર્દેશન સેવાઓ

47. સંસ્થાના નેટવર્ક અને બહારની દુનિયા વચ્ચે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી નેટવર્કની સુરક્ષા સીમાને શું કહે છે ?

(A) ઍન્ટિવાયરસ સોફ્ટવેર (B) સિક્યોર સોકેટ લેયર

(C) ફાયર વોલ (D) સાંકેતિકરણ

સફળ અને શ્રેષ્ઠ શિક્ષક સતત જાગૃત, નવું નવું શીખતો,
નવા અભિગમો સ્વીકારતો અને બાળકોને નવું નવું પીરસતો હોય છે.'' **— પ્રિ. ભોગીભાઈ શાહ**

**48.** નીચેનામાંથી શેના દ્વારા ચૂકવણી કરતી વખતે ગ્રાહકે ક્રેડિટ કે ડેબિટ કાર્ડ નંબર પૂરો પાડવો જરૂરી નથી ?

(A) ચાર્જ કાર્ડ (B) સ્માર્ટ કાર્ડ

(C) ઈ-વોલેટ (D) એક પણ નહીં

**49.** નીચેનામાંથી કઈ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (NPCI) એ શરૂ કરેલી કાર્ડ દ્વારા ચૂકવણીની એક નવી પદ્ધતિ છે ?

(A) E - pay (B) Smart pay

(C) RuPay (D) ePay

**50.** ઈ-કોમર્સ અને એમ-કોમર્સ સુરક્ષાનો નીચેનામાંથી કયો પ્રકાર ખાતરી આપે છે કે સંદેશ મોકલનાર સંદેશ મોકલવાનો ઈનકાર કરી શકશે નહીં ?

(A) અધિકૃતતા (B) ગુપ્તતા

(C) અસ્વીકાર (D) અખંડિતતા

**51.** વાયરસ, વોર્મ અને ટ્રોજનહોર્સ જેવા દૂષિત કોડને શોધી અટકાવી અને દૂર કરવાની પ્રક્રિયા કરતા કમ્પ્યૂટર પ્રોગ્રામને શું કહે છે ?

(A) ઍન્ટિવાયરસ સોફ્ટવેર (B) ડિજિટલ સર્ટિફિકેટ

(C) ફાયર વોલ (D) ક્રીપટોગ્રાફી

**52.** SSL પ્રોટોકોલની રચના કોણે કરી ?

(A) Google (B) Netscape

(C) Yahoo (D) Firefox

**53.** ફાઈલની કોપીરાઇટ માહિતીને ઓળખવા માટે ચિત્ર, ઑડિયો કે વિડીયો ઉમેરવામાં આવતા ડિજિટલ કોડને શું કહે છે ?

(A) Image mark (B) Digital mark

(C) Code mark (D) Water mark

**54.** નીચેનામાંથી ચૂકવણીના કયા કાર્ડની સપાટી પર માઈક્રોચીપ જડેલી હોય છે ?

(A) સ્માર્ટ કાર્ડ (B) ડેબિટ કાર્ડ

(C) ક્રેડિટ કાર્ડ (D) ચાર્જ કાર્ડ

**55.** પ્રોગ્રામિંગની રીતને કેટલા પ્રકારમાં વહેંચી શકાય છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) છ

**56.** નીચેનામાંથી કઈ પ્રોગ્રામિંગ ભાષા ઑબ્જેકટ આધારિત પ્રોગ્રામિંગને સમર્થન આપતી નથી ?

(A) C (B) Java

(C) PHP (D) VB.net

**57.** ઑબ્જેકટ આધારિત પદ્ધતિમાં કઈ વસ્તુ કેન્દ્રબિંદુ ઉપર હોય છે ?

(A) ડેટા (B) વિધેય

(C) ઑબ્જેકટ (D) ઉપરના તમામ

"ઉત્તમ શિક્ષક વિદ્યાર્થીના વિકસતા, ખીલતા વ્યક્તિત્વને અનાગ્રહ અને બિનશરતી હૂંફ આપીને મહત્ત્વ આપે છે." — **મૂળશંકર મો. ભટ્ટ**

58. ક્લાસ-ડાયાગ્રામમાં કોઈપણ ક્લાસને રજૂ કરવા માટેના આઈકોનમાં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી ?
(A) name (B) attribute
(C) behaviour (D) procedure

59. ક્લાસ ડાયાગ્રામમાં પેકેજ દશ્યતા માટે કયા સંકેતનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) – (B) #
(C) + (D) ~

60. ઓબ્જેક્ટ આધારિત ખ્યાલમાં નીચેનામાંથી કોણ પ્રક્રિયાના અમલીકરણની માહિતી ગુપ્ત રાખીને ડેટાની રજૂઆત વડે ડેટાને સુરક્ષિત બનાવે છે ?
(A) ઈન્કેપ્સુલેશન (B) એબસ્ટેક્શન
(C) પોલીમોરફીઝમ (D) એગ્રીગેશન

61. કેટલા પ્રકારના ઓવરલોડિંગ વડે પોલીમોરફિઝમ શક્ય બને છે ?
(A) બે (B) ત્રણ
(C) એક (D) ચાર

62. ઓબ્જેકટ આધારિત ખ્યાલમાં એગ્રીગેશન બે કલાસ વચ્ચેના કેવા સંબંધને રજૂ કરે છે ?
(A) ભિન્ન (non exclusive) (B) અજોડ (exclusive)
(C) એકાકી (unique) (D) એક પણ નહીં

63. ક્લાસ-ડાયાગ્રામમાં એગ્રીગેશનને કયા ચિહ્ન વડે દર્શાવવામાં આવે છે ?
(A) ખાલી હીરાના ચિહ્ન (B) ભરેલા હીરાના ચિહ્ન
(C) ખાલી ચોરસના ચિહ્ન (D) ભરેલા ચોરસના ચિહ્ન

64. ઈનહેરીટન્સ સામાન્ય રીતે બે કલાસ વચ્ચે કેવા પ્રકારનો સંબંધ જણાવે છે ?
(A) is-a-kind-of (B) has-a-kind-of
(C) a-part-of (D) એક પણ નહીં

65. ઓબ્જેકટ આધારિત પ્રોગ્રામિંગ ભાષા જાવા નીચેનામાંથી કોના દ્વારા વિકસાવવામાં આવી છે ?
(A) Microsoft (B) NetScape
(C) Sun Microsystem (D) W3C

66. જાવા વર્ચ્યુઅલ મશીનની યાંત્રિક ભાષાને શું કહેવામાં આવે છે ?
(A) Source code (સોર્સ કોડ) (B) Byte code (બાઈટ કોડ)
(C) Binary code (બાયનરી કોડ) (D) એક પણ નહીં

67. જાવા સોર્સ પ્રોગ્રામ ફાઈલનું અનુલંબન શું હોવું જોઈએ ?
(A) .int (B) .java
(C) .html (D) .exe

68. જાવામાં નીચેનામાંથી કયા પ્રાથમિક ડેટા પ્રકારમાં અપૂર્ણાંક સંખ્યાનો સમાવેશ કરી શકાય છે ?
(A) byte (B) short
(C) int (D) double

"જે પુસ્તકમાંથી શીખી શકાતું નથી તે શિક્ષકના જીવન દ્વારા શીખી શકાય છે." — **સ્વામી સચ્ચિદાનંદ**

69. જાવામાં ટેબ માટે નીચેનામાંથી કયા એસ્કેપ કોડનો ઉપયોગ થાય છે ?

(A) /n (B) /t

(C) /b (D) /r

70. જાવામાં એક-લીટીની કોમેન્ટ માટે નીચેનામાંથી કોનો ઉપયોગ થાય છે ?

(A) // (B) /* .... */

(C) /** .... */ (D) એક પણ નહીં

71. નીચેનામાંથી કયો જાવાનો તુલનાત્મક પ્રક્રિયક નથી ?

(A) == (B) !=

(C) < (D) <>

72. જાવામાં જ્યારે ચલ કે પદાવલિની કિંમત પ્રમાણે અલગ અલગ ઘણાં કાર્યોના વિકલ્પ હોય ત્યારે નીચેનામાંથી શેનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) સ્વીચ સ્ટેટમેન્ટ (B) for લૂપ

(C) while લૂપ (D) do... while લૂપ

73. જાવામાં કયા વિધાનનો ઉપયોગ સ્વિચ કે લૂપ પ્રકારની રચનાની બહાર પ્રોગ્રામનું નિયંત્રણ ફેરવવા માટે થાય છે ?

(A) continue (B) gets

(C) break (D) exit

74. જાવામાં નીચેનામાંથી શેનો ઉપયોગ ઇન્ક્રીમેન્ટ પ્રક્રિયક તરીકે કરવામાં આવે છે ?

(A) ++ (B) - -

(C) ** (D) //

75. જાવામાં કલાસને વ્યાખ્યાયિત કરવા માટે કયા ચાવીરૂપ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) Class (B) class

(C) CLASS (D) ઉપરના તમામ

76. જાવામાં નીચેનામાંથી શેનો ઓબ્જેક્ટ બનાવવા માટેના પગલાંનો સમાવેશ થતો નથી ?

(A) Declaration (B) Instrantiation

(C) Initialization (D) એક પણ નહીં

77. જાવામાં ઓબ્જેક્ટનો સંગ્રહ મેમરીના જે ખાસ ભાગમાં કરવામાં આવે છે, તેને શું કહે છે ?

(A) ROM (B) Heap

(C) HD (D) CD

78. જાવામાં નીચેનામાંથી કયા વેરીએબલ (ચલ) મેથડ કે બ્લોકની અંદર વ્યાખ્યાયિત કરેલા હોય છે ?

(A) લોકલ (B) ઇન્સ્ટન્સ

(C) ક્લાસ (D) એક પણ નહીં

79. જાવામાં નીચેનામાંથી કયા વિઝીબીલીટી મોડીફાયરની મદદથી સૌથી ઉચ્ચ કક્ષાનું પ્રોટેકશન મેળવી શકાય છે ?

(A) પબ્લિક (B) પેકેજ

(C) પ્રોટેક્ટેડ (D) પ્રાઇવેટ

"શિક્ષક અર્કવાળો, તર્કવાળો, મધુપર્કવાળો અને સતત સંપર્કવાળો હોવો જોઈએ." — **પૂ. મોરારિબાપુ**

**80.** જાવામાં સબ ક્લાસ બનાવવા માટે ક્લાસની વ્યાખ્યામાં કયા ચાવીરૂપ શબ્દનો ઉપયોગ થાય છે ?

(A) derive (B) extends

(C) super (D) એક પણ નહીં

**81.** સુપર ક્લાસના કન્સ્ટ્રક્ટરને કોલ કરવા માટે સબ ક્લાસના કન્સ્ટ્રક્ટરમાં કયા ચાવીરૂપ શબ્દનો ઉપયોગ થાય છે ?

(A) derive (B) super

(C) main (D) ઉપરના તમામ

**82.** જાવામાં કમ્પોઝિશન અને એગ્રીગેશન અલગ અલગ ક્લાસ વચ્ચે કેવા પ્રકારનો સંબંધ રચે છે ?

(A) is-a (B) has-a

(C) a-part (D) એક પણ નહીં

**83.** જાવામાં નીચેનામાંથી કયો પ્રક્રિયક ઓબ્જેક્ટ બનાવે છે અને તેનો રેફરન્સ પરત કરે છે ?

(A) ડોટ (.) (B) new

(C) કોલોન (:) (D) એસાઈનમેન્ટ (=)

**84.** નીચેનામાંથી કઈ મેથડ ઓબ્જેક્ટ બનાવતા સમયે આપોઆપ ઈન્વોક થાય છે ?

(A) ઈન્સ્ટન્સ મેથડ (B) કન્સ્ટ્રક્ટર

(C) ક્લાસ મેથડ (D) ઉપરના તમામ

**85.** જાવામાં નીચેનામાંથી કયો એક જ પ્રકારના ઘટકોના સંગ્રહને રજૂ કરતો ચલ છે ?

(A) ઍરે (B) મેથડ

(C) ક્લાસ (D) એક પણ નહીં

**86.** java.util.Arrays ક્લાસની નીચેનામાંથી કઈ મેથડનો ઉપયોગ સમગ્ર ઍરે કે તેના અમુક ભાગને ક્રમાનુસાર ગોઠવવા માટે થાય છે ?

(A) sort() (B) fill()

(C) arrang() (D) order()

**87.** હાર અને સ્તંભ સ્વરૂપે કોષ્ટકીય માહિતીના સંગ્રહ માટે નીચેનામાંથી કયા ઍરેનો ઉપયોગ થાય છે ?

(A) એક–પરિમાણીય (B) દ્વિ–પરિમાણીય

(C) બહુ–પરિમાણીય (D) એક પણ નહીં

**88.** જાવામાં નીચેનામાંથી કયો કન્સ્ટ્રક્ટર એક પણ અક્ષર વગરનો સ્ટ્રિંગ ઑબ્જેક્ટ બનાવે છે ?

(A) String() (B) String (string literals)

(C) String (string strobj) (D) String (char ary[ ])

**89.** જાવામાં નીચેનામાંથી કયા કાર્યો કરવા માટે સ્ટ્રિંગ ક્લાસ મૅથડ પૂરી પાડે છે ?

(A) બે સ્ટ્રિંગની તુલના કરવી (B) સ્ટ્રિંગની લંબાઈ મેળવવી

(C) સ્ટ્રિંગનું વિભાજન કરવું (D) ઉપરના તમામ

**90.** જાવામાં compareTo(string str) મૅથડ નીચેનામાંથી કઈ કિંમત પરત કરશે, જો મૅથડ કોલ કરનાર સ્ટ્રિંગ ઑબ્જેક્ટ પ્રાચલ strની તુલના એ મોટી હોય ?

(A) 0 (B) >0

(C) <0 (D) એક પણ નહીં

"શીલવાન સાધુ હોય, પ્રજ્ઞાવાન જ્ઞાની હોય, કરુણાવાન માતા હોય.
પરંતુ શિક્ષક તો સાધુ, જ્ઞાની અને માતા-ત્રણેય હોય છે." - **વિનોબા ભાવે**

**91.** જાવામાં સ્ટ્રિંગ ક્લાસની નીચેનામાંથી કઈ મેથડ, મેથડ કોલ કરતી સ્ટ્રિંગ ઑબ્જેક્ટમાં રહેલા અક્ષરોની સંખ્યા પરત કરે છે ?

(A) int length() (B) int size()

(C) int long() (D) int count()

**92.** જાવામાં Date ક્લાસની નીચેનામાંથી કઈ મેથડ Date ઑબ્જેક્ટના તારીખ અને સમયને સ્ટ્રિંગમાં રજૂ કરી તે સ્ટ્રિંગ પરત કરે છે ?

(A) StringtoDate() (B) DatetoString()

(C) StringtoString() (D) DateTimetoString()

**93.** જાવામાં નીચેનામાંથી શું ઍરેની પ્રારંભિક ઇન્ડેક્સ કિંમતનો ઉલ્લેખ કરે છે ?

(A) 0 (B) 1

(C) null (D) ઉપરના તમામ

**94.** જાવામાં જો આપણે Calendar ક્લાસની get મેથડમાં DAY-OF-WEEK પ્રાચલ તરીકે વાપરીએ તો કયા પ્રકારની કિંમત પરત થશે ?

(A) int (B) char

(C) string (D) boolean

**95.** કમ્પ્યૂટર ફાઈલ અને ડિરેક્ટરી માટેની સંગ્રહસ્થાનની જરૂરિયાતો ઘટાડવા માટેની તક્નિકોને શું કહેવામાં આવે છે ?

(A) ડેટા સોર્ટિંગ (B) ડેટા ગોઠવણી

(C) માહિતી સંકોચન (D) એક પણ નહીં

**96.** લિનક્ષમાં ફાઈલોના જથ્થાને અથવા સોફ્ટવેરને વિતરણ કરવા માટે નીચેનામાંથી કયું સામાન્ય માળખું છે ?

(A) Jar (B) ટારબોલ

(C) ઝીપ (D) એક પણ નહીં

**97.** VLC મીડિયા પ્લેયરમાં ચાલુ ટ્રેકનો કુલ સમય અને ટ્રેક કેટલો વાગી ચૂક્યો છે તે સમય ક્યાં દર્શાવવામાં આવે છે ?

(A) સ્ટેટસ બાર (B) પ્લેયર બાર

(C) પ્રગતિ લક્ષી (પ્રોગ્રેસ) બાર (D) એક પણ નહીં

**98.** નીચેનામાંથી કયું મીડિયા પ્લેયર લાક્ષણિકતાની દષ્ટિએ સમૃદ્ધ છે ?

(A) VAC (B) VEC

(C) VLC (D) VNC

**99.** નીચેનામાંથી કઈ તક્નિક આપણા સ્થાનનો ચોક્કસ ખ્યાલ આપે છે ?

(A) GRS (B) GPRS

(C) GRPS (D) GPS

**100.** કોઈપણ વિનિયોગમાં અક્ષરો દાખલ કરવા કયા પ્રોગ્રામનો ઉપયોગ થાય છે ?

(A) કેરેક્ટર ડિસ્પ્લે (B) કેરેક્ટર ઈન્સર્ટ

(C) કેરેક્ટર મેપ (D) કેરેક્ટર સિલેક્ટ

"ઈજનેરો અને હુન્નર ઉદ્યોગોના પારંગતો પર નહિ પરંતુ શિક્ષકો પર જ સાચી સંસ્કૃતિનો આધાર છે."
**— જે. કૃષ્ણમૂર્તિ**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)

## વિષય : અર્થશાસ્ત્ર (022)

## અભ્યાસક્રમનું માસવાર આયોજન

| ક્રમ | માસ | પ્રકરણ નંબર | પ્રકરણનું નામ | અંદાજિત તાસ |
|---|---|---|---|---|
| 1. | જૂન | 1<br>2 | અર્થશાસ્ત્રમાં આલેખ<br>વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો | 19 |
| 2. | જુલાઈ | 3<br>4 | નાણું અને ફુગાવો<br>બૅન્કિંગ અને નાણાકીય નીતિ | 27 |
| 3. | ઑગસ્ટ | 5<br>6 | ગરીબી<br>બેરોજગારી | 22 |
| 4. | સપ્ટેમ્બર | 7 | વસ્તી | 16 |
| 5. | ઑક્ટોબર | 8<br>9 | કૃષિક્ષેત્ર<br>વિદેશવેપાર (અપૂર્ણ) | 12 |
| 6. | નવેમ્બર | 9<br>10 | વિદેશવેપાર (પૂર્ણ)<br>ઉદ્યોગ ક્ષેત્ર | 21 |
| 7. | ડિસેમ્બર | 11<br>12 | ભારતીય અર્થતંત્રમાં નૂતન પ્રશ્નો<br>પ્રાકૃતિક ખાદ્યજંગલ અને પાકસંરક્ષણ | 26 |
| 8. | જાન્યુઆરી | | પુનરાવર્તન | 16 |
| 9. | ફેબ્રુઆરી | | પુનરાવર્તન | 20 |

"કોઈપણ રાષ્ટ્રના રક્ષણ અને વિકાસ માટે શિક્ષક, ખેડૂત અને સૈનિક મહત્ત્વનાં પરિબળો છે."

**– લાલબહાદુર શાસ્ત્રી**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12 (સામાન્ય પ્રવાહ) વિષય : અર્થશાસ્ત્ર (022)

## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 100**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન/કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 45 | 30 | 20 | 05 | 100 |
| ટકા(%) | 45% | 30% | 20% | 05% | 100% |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નોના પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 20 | 20 | 20 |
| 2. | અતિ ટૂંકજવાબી પ્રશ્નો (VSA) | 10 | 10 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 12 | 16 | 24 |
| 4. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 07 | 10 | 21 |
| 5. | લાંબા પ્રશ્નો (LA) | 05 | 07 | 25 |
| | **કુલ** | **54** | **63** | **100** |

**પ્રકરણ દીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ/પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
| 1. | અર્થશાસ્ત્રમાં આલેખ | 07 | 10 |
| 2. | વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો | 09 | 13 |
| 3. | નાણું અને ફુગાવો | 08 | 10 |
| 4. | બૅન્કિંગ અને નાણાકીય નીતિ | 08 | 08 |
| 5. | ગરીબી | 10 | 13 |
| 6. | બેરોજગારી | 10 | 12 |
| 7. | વસ્તી | 10 | 15 |
| 8. | કૃષિક્ષેત્ર | 09 | 10 |
| 9. | વિદેશવેપાર | 07 | 09 |
| 10. | ઉદ્યોગ ક્ષેત્ર | 08 | 08 |
| 11. | ભારતીય અર્થતંત્રમાં નૂતન પ્રશ્નો | 10 | 13 |
| 12. | પ્રાકૃતિક ખાદ્યજંગલ અને પાકસંરક્ષણ | 04 | 06 |
| | **કુલ** | **100** | **127** |

**નોંધ :** જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નોના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

"સાચો શિક્ષક વર્ગખંડની દીવાલોને ઓગાળી વિશ્વને વર્ગમાં લઈ આવતો હોય છે." **— મનુભાઈ પંચોળી('દર્શક')**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12 (સામાન્ય પ્રવાહ) વિષય : અર્થશાસ્ત્ર (022)

## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 100**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | |
| 1 થી 20 | નીચે 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો આપેલા છે. આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. **(દરેકનો 1 ગુણ)** | **20** |
| | **વિભાગ-B** | |
| 21 થી 30 | નીચે આપેલા 21 થી 30 પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં આપો. **(દરેકનો 1 ગુણ)** | **10** |
| | **વિભાગ-C** | |
| 31 થી 46 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 31 થી 46 સુધીના 16 પ્રશ્નોમાંથી **કોઈપણ 12** (બાર) પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. **(દરેકના 2 ગુણ)** | **24** |
| | **વિભાગ-D** | |
| 47 થી 56 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 47 થી 56 સુધીના 10 પ્રશ્નોમાંથી **કોઈપણ 07** (સાત) પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. (દરેકના 3 ગુણ) | **21** |
| | **વિભાગ-E** | |
| 57 થી 63 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 57 થી 63 સુધીના 07 પ્રશ્નોમાંથી **કોઈપણ 05** (પાંચ) પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. **(દરેકના 5 ગુણ)** | **25** |
| | કુલ ગુણ | **100** |

**સૂચના :** વિભાગ–E માં પ્રશ્નક્રમાંક-63(A) સામાન્ય વિદ્યાર્થીઓ માટે છે. જેમાં આકૃતિ અને તેના વિશ્લેષણને લગતો પ્રશ્ન પૂછવાનો રહેશે. (જેમાં સમય આધારિત રેખા આકૃતિ, સાદી સ્તંભાકૃતિ, પાસ-પાસેની સ્તંભાકૃતિ કે વિભાજિત સ્તંભાકૃતિમાંથી પૂછવાનો રહેશે.) પ્રશ્નક્રમાંક 63(B) માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે રહેશે. જેમાં પ્રશ્નક્રમાંક 63(A)માં પૂછેલા પ્રશ્નનું માત્ર વિશ્લેષણ કરવાનું રહેશે.

"શિક્ષક માટે દરેક દિવસ પોતાની લાયકાત વધારવાની એક અસાધારણ તક છે."
**— કાકાસાહેબ કાલેલકર**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)

## વિષય : અર્થશાસ્ત્ર (022)

## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **કુલ ગુણ : 100**

- આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ અને કુલ 63 પ્રશ્નો છે.
- જવાબ આપતાં પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો.
- વિભાગની સામે કૌંસમાં લખેલ અંક ગુણ દર્શાવે છે.
- નવો વિભાગ નવા પાના પરથી જ લખવો.
- વિભાગ C, D અને Eમાં જનરલ વિકલ્પ આપવામાં આવ્યા છે.
- પ્રશ્નક્રમાંક - 63(B) માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે. જેમાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓએ માત્ર વિશ્લેષણ કરવું.

### વિભાગ - A

- **પ્રશ્નક્રમ 1 થી 20 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો : [20] (દરેક પ્રશ્નનો 1 ગુણ છે)**

**1.** આકૃતિ કયા પ્રકારના વિતરણ માટે દોરવામાં આવે છે ?

(A) વિસ્તાર (B) સતત

(C) અસતત (D) આદર્શ

**2.** આર્થિક માહિતી અંગેની ડેટા CD કોણ તૈયાર કરે છે ?

(A) શાળાઓ (B) સામાન્ય વ્યક્તિઓ

(C) ખાનગી પ્રકાશકો (D) પ્રયોગશાળાઓ, સંશોધન કેન્દ્રો, સરકાર વગેરે.

**3.** માનવવિકાસના આંકનું મૂલ્ય કેટલું હોય છે ?

(A) એક (B) શૂન્યથી એક વચ્ચે

(C) સો (D) શૂન્ય

**4.** 'વિકાસ એટલે વૃદ્ધિ વત્તા પરિવર્તન' આ વિધાન કોણે રજૂ કર્યું છે ?

(A) ટોડેરો (B) જિરાલ્ડ મેયર

(C) મેકલપ (D) હેન્સન

**5.** ભારત જરૂરી પેટ્રોલિયમ પેદાશના કેટલા ટકા જેટલો પુરવઠો આયાત દ્વારા પ્રાપ્ત કરે છે ?

(A) 50 (B) 60

(C) 70 (D) 90

**6.** રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી ?

(A) 1951 (B) 1935

(C) 1947 (D) 1949

"શિક્ષક ક્રાંતિકારી છે, તે વિદ્યાર્થીરૂપી માધ્યમ દ્વારા સમાજ અને રાષ્ટ્રનું નવઘડતર કરી શકે છે."
— ચાણક્ય

**7.** સંસ્કૃત ભાષા પ્રમાણે બૅન્ક શબ્દનો અર્થ શું થાય છે ?

(A) નાણાંનો પુરવઠો (B) મૂડીરોકાણ

(C) મૂડીનો જથ્થો (D) વ્યાજ

**8.** વર્ષ 2013માં ભારતમાં સૌથી વધુ ગરીબી કયા રાજ્યમાં જોવા મળી હતી ?

(A) છત્તીસગઢ (B) ગોવા

(C) ગુજરાત (D) રાજસ્થાન

**9.** ખેતીક્ષેત્રે ખેડૂતોને પાક નિષ્ફળતાના જોખમથી રક્ષણ આપવા કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?

(A) NREGA (B) IRDP

(C) PMFBY (D) IAY

**10.** અસરકારક માંગના અભાવે કયા પ્રકારની બેરોજગારી સર્જાય છે ?

(A) પ્રચ્છન્ન (B) મોસમી

(C) ઘર્ષણજન્ય (D) ચક્રીય

**11.** બેરોજગારીના પ્રકારો નક્કી કરવા માટેના ચાર માપદંડો કોણે રજૂ કર્યા છે ?

(A) પ્રો. પીગુ (B) રાજકૃષ્ણ

(C) કેઈન્સ (D) માર્શલ

**12.** ભારતમાં આયોજનનો આરંભ કઈ સાલમાં થયો ?

(A) ઈ.સ. 1951 (B) ઈ.સ. 1981

(C) ઈ.સ. 1991 (D) ઈ.સ. 2001

**13.** ભારતમાં નવી વસ્તી નીતિ (2000) માટેની સમિતિની રચના કોના વડપણ હેઠળ થઈ હતી ?

(A) દીનદયાળ ઉપાધ્યાય (B) જમશેદજી તાતા

(C) ડૉ. એમ. એસ. સ્વામીનાથન્ (D) રંગનાથન

**14.** ભારતમાં અધૂરી સિંચાઈ યોજનાઓ પૂરી કરવાની જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

(A) RBI (B) NABARD

(C) RRBs (D) SBI

**15.** વિદેશવેપારમાં કયું સાધન સૌથી વધુ ગતિશીલ છે ?

(A) જમીન (B) મૂડી

(C) નિયોજનશક્તિ (D) શ્રમ

**16.** લેણદેણની તુલામાં કેટલાં ખાતા હોય છે ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

**17.** અગરબત્તી ઉદ્યોગ એ કયા ઉદ્યોગનું ઉદાહરણ છે ?

(A) નાના પાયાનો ઉદ્યોગ (B) મોટા પાયાનો ઉદ્યોગ

(C) ગૃહ ઉદ્યોગ (D) મધ્યમ પાયાનો ઉદ્યોગ

"જ્ઞાનરૂપી પાક વહેંચવા માટે હું શિક્ષક જ બનવાનું પસંદ કરું." – **સ્વામી રામતીર્થ**

**18.** જાહેર ક્ષેત્ર એટલે શું ?

(A) સરકાર દ્વારા સંચાલિત ક્ષેત્ર (B) આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર

(C) લોકો દ્વારા સંચાલિત ક્ષેત્ર (D) સહકારવૃત્તિવાળું ક્ષેત્ર

**19.** ભારતમાં રેલવેની સૌપ્રથમ શરૂઆત કયા વર્ષમાં થઈ હતી ?

(A) 1951માં (B) 1901માં

(C) 1853માં (D) 1875માં

**20.** બ્રહ્માસ્ત્ર બનાવવામાં કેટલા લિટર ગૌ-મૂત્રની જરૂર પડે છે ?

(A) 20 (B) 50

(C) 30 (D) 10

**વિભાગ - B**

- **પ્રશ્નક્રમ 21 થી 30 પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં આપો : (દરેક પ્રશ્નનો 1 ગુણ છે.)** **[10]**

**21.** વૃતાંશ શોધવાનું સૂત્ર લખો.

**22.** જીવનની ભૌતિક ગુણવત્તા આંક (PQLI) ની રજૂઆત કોના દ્વારા કરવામાં આવી ?

**23.** પ્રધાનમંત્રી જનધન યોજનાનું સંચાલન કોણ કરે છે ?

**24.** કયા પ્રકારની થાપણો સૌથી વધુ તરલ હોય છે ?

**25.** ગરીબી રેખા એટલે શું ?

**26.** કયા વયજૂથને ઉત્પાદકીય વયજૂથ તરીકે ઓળખવામાં આવે છે ?

**27.** NABARD નું પૂરું નામ જણાવો.

**28.** વિદેશ વેપારનું કદ એટલે શું ?

**29.** નાના પાયાના ઉદ્યોગો કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરે છે ?

**30.** પારિભાષિક શબ્દનો અર્થ આપો : મિલેટ્સ

**વિભાગ - C**

- **નીચે આપેલા 31 થી 46 સુધીના 16 પ્રશ્નોમાંથી કોઈપણ 12 પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : (દરેક પ્રશ્નના 2 ગુણ)** **[24]**

**31.** અર્થશાસ્ત્રના અભ્યાસમાં કમ્પ્યૂટર ટેક્નોલૉજીના ઉપયોગ તરીકે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સમજાવો.

**32.** ઈન્ટરનેટના ઉપયોગનાં ભયસ્થાનો જણાવો.

**33.** આર્થિક વિકાસનાં લક્ષણો જણાવો. (ગમે તે ચાર)

**34.** આર્થિક વિકાસનાં નિર્દેશકોના નામ જણાવો.

**35.** દાબેલો ફુગાવો એટલે શું ?

**36.** નાણાંના પ્રકાર જણાવો.

**37.** શિડ્યુલ બૅન્કનું વર્ગીકરણ જણાવો.

**38.** RBI ની નાણાકીય નીતિના ગુણાત્મક સાધનોના માત્ર નામ જણાવો.

**39.** ગરીબીનો આવક અભિગમ સમજાવો.

**40.** પ્રચ્છન્ન બેરોજગારીનો અર્થ આપો.

**41.** પંડિત દીનદયાળ ઉપાધ્યાય શ્રમેવ જયતે યોજના ટૂંકમાં સમજાવો.

**42.** શ્રી રાજકૃષ્ણ સમિતિએ રજૂ કરેલ બેરોજગારીના માપદંડોના માત્ર નામ જણાવો.

"શિક્ષક એટલે મૂલ્યોનો રખેવાળ, દ્યોતક અને ચારિત્ર્ય દ્વારા ચરિતાર્થ કરનાર આચાર્ય." **— વિનોબા ભાવે**

43. ખેતીના આધુનિકીકરણમાં ઉદ્યોગો કેવી રીતે ઉપયોગી છે ? સમજાવો.
44. ભારતમાં રેલવે સામેના પડકારો જણાવો.
45. ખાદ્યજંગલ મૉડેલના ગમે તે બે ફાયદા જણાવો.
46. અગ્નિઅસ્ત્રનો ઉપયોગ જણાવો.

**વિભાગ - D**

- **નીચે આપેલા 47 થી 56 સુધીના 10 પ્રશ્નોમાંથી કોઈપણ 07 પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો : (દરેક પ્રશ્નના 3 ગુણ)** **[21]**

47. આકૃતિ અને આલેખ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો સમજાવો.
48. માનવવિકાસ આંકના ઘટકો સમજાવો.
49. આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસનો તફાવત લખો. (કોઈપણ છ મુદ્દા)
50. ગરીબીના કોઈપણ ત્રણ નિર્દેશકો સમજાવો.
51. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના (મનરેગા) : ટૂંકનોંધ લખો.
52. ભારતમાં વસ્તી નિયંત્રણના કોઈપણ ત્રણ ઉપાયો સમજાવો.
53. પાકની ફેરબદલી સમજાવો.
54. ટૂંકનોંધ લખો : હૂંડિયામણ દર
55. વિદેશ વેપારના કારણો સમજાવો. (ત્રણ મુદ્દા)
56. વિશિષ્ટ આર્થિક વિસ્તાર (SEZ) સમજાવો.

**વિભાગ - E**

- **નીચે આપેલા 57થી 63 સુધીના 07 પ્રશ્નોમાંથી કોઈપણ 05 પ્રશ્નોના ઉત્તર વિસ્તારપૂર્વક આપો : (દરેક પ્રશ્નના 5 ગુણ)** **[25]**

57. સાટા પ્રથાનો અર્થ આપી સાટા પ્રથાની મર્યાદાઓ સમજાવો.
58. ભારતમાં ગરીબી ઘટાડવાના આર્થિક કારણો સમજાવો.
59. મૃત્યુદરનો અર્થ આપી નીચાં મૃત્યુદરનાં કારણો સમજાવો.
60. ભારતમાં ખેત ઉત્પાદકતા વધારવાના ટૅક્નોલૉજીકલ સુધારાઓ સમજાવો.
61. સ્થળાંતરનો અર્થ આપી સ્થળાંતરની નકારાત્મક અસરો ચર્ચો.
62. શહેરીકરણની સમસ્યા હળવી કરવાના કોઈપણ પાંચ ઉપાયો સમજાવો.

63. (A) : **સામાન્ય વિદ્યાર્થીઓ માટે :**
ભારતમાં જન્મદર અને મૃત્યુદરની આપેલી આંકડાકીય માહિતીને પાસ-પાસેની સ્તંભાકૃતિમાં રજૂ કરી વિશ્લેષણ કરો.

| વર્ષ | જન્મદર (પ્રતિ 1000 વ્યક્તિએ) | મૃત્યુદર (પ્રતિ 1000 વ્યક્તિએ) |
|---|---|---|
| 1951 | 39.9 | 27.4 |
| 2011 | 21.8 | 7.1 |

63. (B) : **માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે :**
ઉપરોક્ત 63(A)માં પૂછેલા પ્રશ્નનું માત્ર વિશ્લેષણ કરવું.

"શિક્ષકમાં શૈક્ષણિક ક્ષમતા સાથે જીવન પ્રત્યેનો ઉચ્ચ આદર્શપૂર્ણ અભિગમ પણ હોવો જોઈએ."
**— સરદાર વલ્લભભાઈ પટેલ**

**વહીવટી વિભાગ**

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2025/2587-2621
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅક્ટર-10બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 03-09-2025

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),**
**ગુજરાત રાજ્ય.**

**વિષય : શૈક્ષણિક વર્ષ 2025-26 માટે ધોરણ-10ના વિષયમાળખામાં વૉકેશનલ શિક્ષણના વિષયના સમાવેશ બાબત.**

**સંદર્ભ : (1) અત્રેનો તા. 16-06-2025નો પત્ર ક્રમાંક મઉમશબ/સંશોધન/2025/1712-50**

**(2) ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનો તા. 08-08-2025નો પત્ર**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગના તા. 23-10-2024ના પત્રક્રમાંક : ED/other/e-file/3/2024/4095/CHHથી ધોરણ-10માં હિન્દી માધ્યમની શાળાઓમાં જે વિષયો છે તે ઉપરાંત વધારાના આઠમા વિષય તરીકે વૉકેશનલ શિક્ષણનો વિષય ઉમેરવા માટે સરકારશ્રીની મંજૂરી મળેલ હતી તેમજ ધોરણ-10માં અન્ય માધ્યમની શાળાઓના વિદ્યાર્થીઓ જો ત્રીજી ભાષા અને વૉકેશનલ વિષય બંને રાખવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓ સ્વૈચ્છિક ધોરણે ધોરણ-10માં આઠમા વધારાના વિષય તરીકે વૉકેશનલ શિક્ષણનો વિષય રાખી શકે તે અંગે સરકારશ્રીની મંજૂરી મળેલ હતી. જે અન્વયે અત્રેના સંદર્ભ-(1) દર્શિત તા. 16-06-2025ના પત્રથી આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ વિગતો જાણ તથા અમલ સારુ મોકલી આપવા માટે જણાવવામાં આવેલ હતું.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના સંદર્ભ-(2) દર્શિત પત્રથી અત્રેની કચેરીને રજૂઆત મળેલ છે. ઉક્ત પત્રમાં દર્શાવેલ વિગતે ધોરણ-10માં વૉકેશનલ વિષયને આઠમા (મરજિયાત) વિષય તરીકે દાખલ કરવા સંદર્ભે ગુણાંકન, ગુણપત્રકમાં ટોટલ ગુણ અને આઠમા વિષય તરીકેના ગુણ બાબતે સ્પષ્ટતા થવા વિનંતી કરેલ છે. જે અન્વયે જણાવવાનું કે જે વિદ્યાર્થીએ ધોરણ-10માં આઠમા વધારાના વિષય તરીકે વૉકેશનલ વિષય રાખેલ હોય તે વિદ્યાર્થીએ ધોરણ-10ની પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે તમામ 8 (આઠ) વિષયોમાં ઉત્તીર્ણ થવાનું રહેશે. વૉકેશનલ વિષયની હાલની જોગવાઈ મુજબ થિયરીના 30 ગુણમાંથી 10 ગુણ, પ્રૅક્ટિકલના 50 ગુણમાંથી 17 ગુણ અને આંતરિક મૂલ્યાંકનના 20 ગુણમાંથી 06 ગુણ મેળવવાના રહેશે. કુલ 100 ગુણમાંથી 33 ગુણ ઉત્તીર્ણ થવા માટે મેળવવાના રહેશે. જે વિદ્યાર્થીએ આઠમો વધારાના વિષય તરીકે વૉકેશનલ વિષય રાખેલ હોય તેના ગુણપત્રકમાં કુલ આઠ વિષયોના ગુણ / ગ્રેડ દર્શાવવામાં આવશે.

ઉપરોક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારુ મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

– માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**નકલ રવાના :**

– નાયબ નિયામકશ્રી, પરીક્ષા (SSC) તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘને જાણ સારુ.

"માનવચેતનાને જગાડીને તેમાં સંસ્કારોનું વાવેતર તો શિક્ષક જ કરી શકે." - **કાર્તિકેય ભટ્ટ**


# શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક (વર્ષ : 2025) મેળવનાર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો તથા આચાર્યોની યાદી

| | |
|---|---|
| શ્રી શાંતિલાલ કોદરભાઈ ભોઈ | આચાર્ય, ગોરા (ન.પુ.વ.) પ્રાથમિક શાળા, મુ.પો. ગોરા, તા. ગરુડેશ્વર, જિ. નર્મદા |
| શ્રી પ્રદીપકુમાર સુભાષચંદ્ર દોશી | આચાર્ય, પ્રાથમિક શાળા જુનાદિવા કુમાર, મુ. પો. જુનાદિવા, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ |
| શ્રી દીપકકુમાર છોટુભાઈ પટેલ | મદદનીશ શિક્ષક, શ્રી શ્યામજી કૃષ્ણવર્મા નગર પ્રા. શા.નં 117 , મુ. ગોટાલાવાડી, કતારગામ, સુરત |
| શ્રી મીનેશકુમાર નાનાભાઈ વાળંદ | મદદનીશ શિક્ષક, વાલીંડા પ્રાથમિક શાળા, તા.ધોલેરા, જિ.અમદાવાદ |
| શ્રી જિજ્ઞાસાબેન હરિવદન પ્રજાપતિ | મદદનીશ શિક્ષક, ડીંગુચા પ્રાથમિક શાળા, મુ. ડીંગુચા, તા. કલોલ, જિ. ગાંધીનગર |
| શ્રી સુરેશભાઈ રમેશભાઈ માળી | મદદનીશ શિક્ષક, પુંસરી પ્રાથમિક શાળા, મુ. પુંસરી, પો. જાલત, તા.જિ. દાહોદ |
| શ્રી સચિનકુમાર જસવંતલાલ પટેલ | આચાર્ય, શ્રી શિવનગર(વા) અનુપમ પ્રાથમિક શાળા, મુ.પો. શિવનગર (વાતમજૂના), તા.દિયોદર, જિ.બનાસકાંઠા |
| શ્રી આદિત્યકુમાર વિષ્ણુપ્રસાદ દરજી | મદદનીશ શિક્ષક, પી.એમ. શ્રી શ્રીમતી કે.બી. શાહ અનુપમ પ્રા. શાળા, મુ. વિઠોડા, તા.ખેરાલુ, જિ.મહેસાણા |
| શ્રી અનિલકુમાર કોદરભાઈ રાઠોડ | આચાર્ય, શ્રી બંધડી પ્રાથમિક શાળા, મુ. બંધડી, તા.ભચાઉ, જિ.કચ્છ |
| શ્રી જયાબેન જેસિંગભાઈ ગોહિલ | મદદનીશ શિક્ષક, શ્રી વેલણ પે સેન્ટર શાળા, મુ. વેલણ, તા. કોડીનાર, જિ. ગીર સોમનાથ |
| શ્રી દેવાંગીબેન માધવજીભાઈ બારૈયા | મદદનીશ શિક્ષક, પી.એમ. શ્રી હડિયાણા કન્યાશાળા, મુ. હડિયાણા, તા. જોડિયા, જિ. જામનગર |
| શ્રી જીવતીબેન બચુભાઈ પીપલીયા | મદદનીશ શિક્ષક, શ્રી લખધીરગઢ પ્રાથમિક શાળા, મુ. લખધીરગઢ, તા. ટંકારા, જિ. મોરબી |
| શ્રી અનિલકુમાર વેલજીભાઈ વૈશ્નાણી | મદદનીશ શિક્ષક, શ્રી માખાવડ પ્રાથમિક શાળા, તા. લોધિકા, જિ. રાજકોટ |

| | |
|---|---|
| શ્રી મુકેશકુમાર પ્રભાતસિંહ મહિડા | મદદનીશ શિક્ષક, એમ.એમ. ઍન્ડ સન્સ હાઈસ્કૂલ, ચિખોદરા, તા.જિ.આણંદ |
| ડૉ. રાજગોપાલ ઉદયનભાઈ મહારાજા | મદદનીશ શિક્ષક, શ્રી એસ.પી. ઠાકોર સર્વોદય વિદ્યાલય, મુ. કાંસા, તા. સરસ્વતી, જિ.પાટણ |
| શ્રી મહેન્દ્રકુમાર રામજીભાઈ ચૌધરી | મદદનીશ શિક્ષક, શ્રી કે.પી. પટેલ સેકન્ડરી અને એસ.યુ. પટેલ ઉ.મા.શાળા, મુ. વિજાપુર, જિ.મહેસાણા |
| શ્રી દેવાયતભાઈ લક્ષ્મણભાઈ કરંગીયા | મદદનીશ શિક્ષક, શ્રી મીઠાપુર હાઈસ્કૂલ, મીઠાપુર,તા. દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા |
| શ્રી મનિષકુમાર હરશીભાઈ વિઝુંડા | મદદનીશ શિક્ષક, શ્રી પો. મૂ. સર્વોદય હાઈસ્કૂલ, ઉમરાળા, જિ.ભાવનગર |
| ડૉ. પ્રશાંત રમેશચંદ્ર પંડ્યા | મદદનીશ શિક્ષક, વ.દે. ગલિયારા વિદ્યાલય, કઠોર, તા. કામરેજ, જિ. સુરત |
| ડૉ. પ્રહ્લાદભાઈ રામાભાઈ ચૌધરી | મદદનીશ શિક્ષક, શ્રી વરદાયિની હાઈસ્કૂલ, રૂપાલ, તા.જિ. ગાંધીનગર |
| ડૉ. ભાવનાબેન ચંદુલાલ પટેલ | મદદનીશ શિક્ષક, શેઠ બી. એમ. હાઈસ્કૂલ, પ્રગતિ મેદાનની સામે, ગુંગડી રોડ, પાટણ, જિ.પાટણ |
| શ્રી જાગૃતિબેન ભગવાનભાઈ પટેલ | આચાર્યા, જ્ઞાનદા ગર્લ્સ હાઈસ્કુલ, કે. કે. નગર રોડ, ઘાટલોડિયા, અમદાવાદ |
| ડૉ. કમલેશકુમાર મણીભાઈ પટેલ | આચાર્ય, શ્રીમતી કે. ડી. પટેલ હાઈસ્કૂલ, રાલેજ, તા.ખંભાત, જિ.આણંદ |
| ડૉ. ધર્મેન્દ્રકુમાર પ્રેમજીભાઈ પટેલ | આચાર્ય, શ્રી ટી. ઓ. પટેલ સર્વોદય હાઈસ્કૂલ, ધરમપુર, તા. કડી, જિ.મહેસાણા |
| શ્રી અલ્પાબેન ગોરધનભાઈ તારપરા | આચાર્યા, શ્રી મોડેલ સ્કૂલ - ઇણાજ, તા. વેરાવળ, જિ. ગીર સોમનાથ |
| શ્રી ચેતન ધીરૂભાઈ હિરપરા | મુખ્ય શિક્ષક, મહારાજા કૃષ્ણકુમારસિંહજી પ્રા. શાળા ક્રમાંક 334, મહારાજા કેમ્પસ, ઉત્રાણ, સુરત |
| શ્રી આરતી વલ્લભદાસ શર્મા | મુખ્ય શિક્ષક, મિરોલી પે સેન્ટર શાળા, મુ. મિરોલી, તા.દસક્રોઈ, જિ.અમદાવાદ |
| શ્રી વિક્રમસિંહ રતાજી વણોલ | મુખ્ય શિક્ષક, રામપુરા પગાર કેન્દ્ર શાળા, તા. થરાદ, જિ.બનાસકાંઠા |
| શ્રી પુનિત રમેશભાઈ ઉપાધ્યાય | મુખ્ય શિક્ષક, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં. 53, મહાદેવનગર, ફુલસર, તા.જિ.ભાવનગર |
| ડૉ. કવિતાબેન પારસભાઈ શાહ | મદદનીશ શિક્ષક, શ્રી શાહ ખી. લ. બહેરા-મૂંગા શાળા, 51-વિદ્યાનગર, જિ. ભાવનગર |


RNI No. GUJGUJ2011/46203 Govt. of India, New Delhi. Dated 06-11-2012, Posted at SRO Gandhinagar STG Office
SSPOs Gandhinagar No. L1/RNP-RENEWAL/G-GNR 297/2024 Dt. 08-10-2024/06-11-2024. Valid Up to 31-12-2027
Licence to Post without Pre-Payment No. PMG/NG/096/2025-2027, Valid up to 31-12-2027
Printed and Posted on 28th of Each Month. (Annual Subscription Rs. 200/-) Licence valid up to 31-12-2027.

## ગાંધીજી અને પ્રામાણિકતા



ગાંધીજીએ પૅન્સિલનો ટુકડો ખોઈ નાખ્યો હોય તો જ્યાં સુધી એ મળે નહીં ત્યાં સુધી શોધતા રહેતા. રૂમાલ ખોવાઈ જાય તો બધાએ શોધવો પડતો. જવાબમાં એ કહેતા કે હું ટ્રસ્ટી છું અને એકએક પૈસો પ્રજાનું ધન છે. ખોવું મને પોસાય નહીં. નિર્મલ બોઝે 1934નો એક કિસ્સો કહ્યો છે : અમે ચાલતા હતા અને ગાંધીજીએ એમની ધોતીમાં પથરા ભેગા કરવા માંડ્યા, અમે પણ ભેગા કરવા લાગ્યા. આશ્રમ પર આવીને બધાએ પથરાનો ઢગલો કર્યો અને પૂછ્યું ત્યારે ગાંધીજીએ કહ્યું કે મેઈન રોડ સુધી ખેતરમાંથી એક રસ્તો બનાવવાનો છે અને કોન્ટ્રાક્ટરે કહ્યું છે કે અડધા પૈસા સામાનના લાગશે અને અડધા મજૂરીના એટલે આપણે માત્ર મજૂરીના જ પૈસા આપવાના રહેશે...! એક પ્રાર્થનાસભા પછી ગાંધીજીએ દાન આપવાની અપીલ કરી. સ્ત્રીઓએ ઘરેણાં પણ ઉતારીને આપી દીધાં. રાત્રે હિસાબ કરવા બેઠા ત્યારે કોઈ સ્ત્રીની એક ઈયરિંગ મળી, જે સોનાની હતી. ગાંધીજીએ તર્ક કર્યો, કોઈ સ્ત્રી એક કાનનું આભૂષણ દાનમાં આપે જ નહીં, બીજું ઈયરિંગ હોવું જ જોઈએ. શોધો. જો આપણે ચોક્કસ નહીં રહીએ તો પ્રજા આપણા પર વિશ્વાસ કેવી રીતે મૂકશે ? મહાવીર ત્યાગીએ લખ્યું છે કે ફાનસો લઈને અમે મોડી રાત સુધી શોધતા રહ્યા, છેવટે બીજું ઈયરિંગ મળ્યું ત્યારે જ ગાંધીજીને સંતોષ થયો.

## લાલબહાદુર શાસ્ત્રી : પાયાનો પથ્થર



શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ 'સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટી'ના સભ્ય તરીકે અલ્હાબાદમાં સાર્વજનિક જીવનમાં પ્રવેશ કર્યો અને જનસેવાનું કામ ખૂબ જ રસપૂર્વક કરવા લાગ્યા. તેઓ તો એક કર્તવ્યનિષ્ઠ સ્વયંસેવક હતા. છાપાંઓની પ્રસિદ્ધિમાં એમને શ્રદ્ધા ન હતી.

એક દિવસ બીજા એક સ્વયંસેવકે એમને સહૃદયતાથી પૂછ્યું, 'શાસ્ત્રીજી, તમને છાપાંઓમાં નામ છપાવવા માટે અણગમો કેમ છે ?'

શાસ્ત્રીજીએ એમને કહ્યું, 'આજે પણ મને લાલા લજપતરાયના શબ્દો યાદ આવે છે. એમણે સોસાયટી માટે કામની દીક્ષા આપતાં કહ્યું હતું : લાલબહાદુર, તાજમહાલમાં બે જાતના પથ્થર લાગેલા છે. એક કિંમતી સંગેમરમરનો, જેનો મહેલ અને ગુંબજ બન્યો છે, દુનિયા તો એનાં જ વખાણ કરે છે. બીજો છે પાયાનો પથ્થર, જેની કોઈ પ્રશંસા કરતું નથી.'

એટલું કહ્યા પછી શાસ્ત્રીજીએ ખૂબ જ નમ્રતાથી એમની પોતાની ઈચ્છા જણાવી : 'દોસ્ત, હું પાયાનો પથ્થર બનવા માંગુ છું.'

(સંકલન)

Printed by Sahitya Mudranalaya Pvt. Ltd. City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 Published by Shri R. R. Vyas, Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat) on behalf of the Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat) and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd. City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 Published at Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat), Editor Shri R. R. Vyas, (Secretary, GS & HSEB, Gandhinagar, Gujarat)

આ QR કોડની મદદથી આપ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રકાશિત 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ' સામયિકનું વાંચન કરી શકશો.

Total Pages :
**32 + 04 = 36 Pages**

Price :
Per Copy Rs. 40/-

Annual Subscription :
For School - Rs. 400/-
For Individual - Rs. 200/-